Reg.under RNI NO. GUJGUJ/2009/29656, Registered under Postal Registration No. GAMC-777/2021-2023 valid upto 31st December-2023 issued by the SSPO's Amdavad City Division, Permitted to Post at Amdavad PSO on 1st & 16th of every Month. Publish on 1st & 16th of every Month.

૧૬ માર્ચ ૨૦૨૧
અંક : ૦૬
પૃષ્ઠ : ૧૬
કિ. રૂ. : ૬/-


ગુજરાતનું પાક્ષિક વિચારપત્ર

# નિરીક્ષક

સ્થાપના : ૧૯૬૮

અનુક્રમ


- **સુરેશ શુક્લ** ૩
  અમૂલ્ય સિક્કાની બે બાજુ : ગાંધીજી અને નહેરુ
- **હિરેન ગાંધી** ૭
  ૨૦૧૯માં ગુજરાતમાં કોમી હિંસા
- **ચંદુ મહેરિયા** ૧૦
  હાથથી મળસફાઈ કરનારા વધે છે, પુનર્વસનનું બજેટ ઘટે છે !
- **રમણ સોની** ૧૧
  સદ્ગત ચિત્રકાર હારૂન ખીમાણી
- **જાગૃત ગાડીત** ૧૨
  સાહિત્ય, લોકશાહી અને આપણે
- **ડૉ. રતિલાલ રોહિત** ૧૪
  સમ્યક સાહિત્યની વિભાવના


## સ્વરાજ પંચોતેરાં

બારમી માર્ચ, દાંડીકૂચનો દિવસ, સંમિશ્ર પ્રતિભાવો જગવતો આવ્યો અને ગયો. કંઈક ઉત્સ્ફૂર્ત કરતી ઇતિહાસસ્મૃતિ, કંઈક રસમી રાબેતો, તો કંઈક મોસમ હૈ ઈવેન્ટાના. સ્વરાજનાં પંચોતેર વરસ અને તે પૂર્વે, લોકસભાની ચૂંટણીપૂર્વે જે તે રાજ્યોના સંભવિત ચૂંટણીગાળાને આવરી લેતાં પંચોતેર અઠવાડિયાં. બને કે જશનનો માહોલ અને આસપાસનાં ઉજવણાં વાસ્તવપ્રશ્નોને કોરાણે નાખી ચૂંટણીવૈતરણી પાર કરવામાં ગોપુચ્છની ભૂમિકા ભજવે એવી અપેક્ષા પણ હોય. પણ આ બધાં અનુમાન અને આશંકાથી ઉફરાટે આલોચનાવિવેકપૂર્વક આપણે સ્વરાજલડતને એની અનન્યતા અને સમગ્રતામાં સમજવાનો પ્રયાસ કરીએ તો અમૃતપર્વનો અવસર ખસૂસ લેખે લાગે. હમણાં અનન્યતા અને સમગ્રતાની જિકર કરી પણ તે સાથે જે મર્યાદાઓ સમજાય એનીયે ચર્ચાનો બાધ નથી; કેમ કે આવી તપાસ અને એનાં તારતમ્ય આપણી પ્રજાસૂય મથામણ વાસ્તે હાડની જરૂરત છે.

અલબત્ત, ઊહ અને અપોહ તેમ સહવિચારની દૃષ્ટિએ સહજક્રમે આવી મળેલો જે વિચારધક્કો છે તે તો હાલના સત્તા-પ્રતિષ્ઠાનના એકંદર અભિગમ અને વિચારરૂખનો છે તે મારે આરંભે જ કહી દેવું જોઈએ. તમે જુઓ, અમૃત ઉજવણાંનો આરંભ ૧૯૩૦ની દાંડીકૂચ સ્મૃતિને સાંકળીને કર્યો. પણ ભલે અણચિંતવી પણ એના વિષ્કમ્ભક કે નાન્દી ઘટના જેવી બીના હજુ થોડાં અઠવાડિયાં પરની ચૌરીચૌરા શતાબ્દીની હતી. ૧૯૨૨ની ચૌરીચૌરા ઘટના અને ૧૯૩૦ની દાંડી ઘટના વચ્ચે આઠ વરસનું અંતર છે. પણ અમૃતપર્વનો આરંભ અને ચૌરીચોરા શતાબ્દી એ બેઉ વચ્ચે તો થોડાં જ અઠવાડિયાનું છેટું છે.

તમે અને હું તેમ એકંદર તવારીખ ચૌરીચૌરાને, ગાંધીએ લડત મોકૂફ રાખવાનો જે ઐતિહાસિક નિર્ણય લીધો એ રીતે અને એ કારણે પિછાણીએ છીએ. પોલીસ થાણાને આગ લગાડ્યાનો અને કુડીબંધ પોલીસ ભુંજાઈ મર્યાનો જે નિર્ઘૃણ બનાવ બન્યો એને પગલે ગાંધીજીએ આવો નિર્ણય લેવો અનિવાર્ય ને ધર્મ્ય ગણ્યો હતો. 'ઘરનો ઘા' અને 'મારી નિરાશા' એ બે લેખોમાં એમણે, દેખીતી સફળતાની લાયમાં માણસ જ્યાં અટકવું પસંદ ન કરે ત્યાં પોતાને કેમ અટકવાપણું સમજાયું એની દિલખુલાસ રજૂઆત કરી છે. પણ, હાલના સત્તા-પ્રતિષ્ઠાનની ઉજવણીના એકંદર શોર અને તામઝામમાં ચૌરીચૌરાનું આ ઇતિહાસવૈશિષ્ટ્ય વિસારે પાડી દેવાયું હતું અને ઉશ્કેરાયેલા ટોળાની કથિત વીરઘટના કેમ જાણે મુખ્ય મુદ્દો હતી.

ઉલટ પક્ષે, ૧૨મી માર્ચે ગાંધીજી છવાઈ ગયા જેવા હતા. વસ્તુતઃ ફેબ્રુઆરી ૧૯૨૨નો ગાંધીઉત્તર જાત, જમાત ને જમાના જોડેની આઠ વરસની આપલે પછી માર્ચ ૧૯૩૦માં દાંડીકૂચ રૂપે મળ્યો હતો. એમણે આ સમયગાળામાં રચનાત્મક કાર્યો સહિતની કેળવણી પર સતત ભાર મૂક્યો હતો અને તે ધોરણે ચુનંદા સૈનિકો સાથે કૂચનો રાહ લીધો હતો. ચૌરીચૌરાની સરકારી શતાબ્દીમાં આ ગાંધીસંક્રાંતિ અને સ્વરાજવિશેષનો સૂર ન જાણે ક્યાંય ધરબાઈ ગયો હતો.

ઇતિહાસ પાસે જવામાં જેમ બીજાઓનેય તેમ હાલના સત્તા-પ્રતિષ્ઠાનને તો ખાસ વળગણ ને ગણતરી હશે તેમ સમજાય છે. એક તો, સામાન્યપણે જેને સંઘ પરિવાર તરીકે ઓળખવામાં આવે છે એનો (એની પુરોગામી પેઢીઓનો) સ્વાતંત્ર્યસંગ્રામ સાથે સીધો સક્રિય નાતો ખાસ નહોતો. બલકે, સલામત અંતરનો લાંબા ગાળાનો વ્યૂહ પણ હતો. પ્રથમ સરસંઘચાલક હેડ્ગવારે સત્યાગ્રહ કરી પકડાવાનો નિર્ણય લીધો તે કેવળ વ્યક્તિગત નિર્ણય હશે. સંગઠન સાચવવું ને વિસ્તારવું એ વલણ એની પાછળ કામ કરતું હશે, પણ તે ઉપરાંત સ્વાતંત્ર્યલડત બાબતે દ્વિધાગ્રસ્ત અને વૈકલ્પિક વલણો પણ ખાસાં હતાં. (પાછલાં વર્ષોમાં દીનદયાલ શોધ સંસ્થાન સાથે કાર્યરત સંઘ પ્રચારક પ્રા. દેવેન્દ્ર સ્વરૂપે 'હિંદ છોડો' વખતે અણીએ આવી એકાએક વરતાયેલી અક્રિયતા વિશે લેખમાળા પણ કરેલી છે.) જે દ્વિધાવિભક્તતાનો હમણાં ઉલ્લેખ કર્યો તે રાષ્ટ્રની ધર્મકોમ આધારિત વ્યાખ્યાગત હોય એમ સમજાય છે. કૉંગ્રેસથી છૂટા પડેલા હેડ્ગેવાર, ઈટલીમાં મુસોલિનીને મળેલા ડૉ. મુંજે અને બીજાનો મુદ્દો સ્વભાવિક જ હિંદુ રાષ્ટ્રનો હતો. યથાપ્રસંગ એની ચર્ચા કરીશું. પણ ૧૯૯૭ની લાલકૃષ્ણ અડવાણીની સુવર્ણ જયંતી યાત્રા અને વડાપ્રધાન નરેન્દ્ર મોદીનો હાલનો ઉપક્રમ જે સંગઠન અને વૈચારિક અખાડો સ્વાતંત્ર્યસંગ્રામમાં નહોતાં એને પશ્ચાદ્વર્તી ધોરણે સંગ્રામ સાથે સાંકળવાની કોશિશ જેવો જણાય છે. અમદાવાદના આરંભઘોષમાં જે સિફત અને સલુકાઈથી અન્યથા ધિક્કારમૂર્તિ લેખાતા પં.નહેરુનું નામ કાળજીભેર આગળ કરાયું, વાંસોવાંસ અનિવાર્યપણે સરદાર સંભારાયા ને એ જ શ્વાસે સાવરકરને સાંકળ્યા તે આ સંદર્ભમાં તરત સાંભરશે. નહેરુનો સ્વીકાર જો મોટી વાત હશે તો

સોયનાકામાંથી ઊંટને પસાર કરવા જેવું નામ તો સાવરકરનું છે. વીરતાના કિંવદન્તીપુરુષ લેખાતા રહેલા સાવરકરના હિંદુત્વવિચાર પરત્વે માનો કે ટીકા મોકૂફ રાખીએ તોપણ કાળા પાણીમાંથી બહાર આવ્યા પછીનાં એમનાં વરસો સ્વરાજલડતથી સલામત અંતરના જ રહ્યાં છે, અને એ ચમક્યા ત્યારે ગાંધીહત્યાવિવાદમાં ચમક્યા છે.

વડાપ્રધાને એમનાં નાન્દીવચનોમાં જે આખો થીસિસ કીધો એમાં ક્રાંતિકારીઓના સવિશેષ ઉલ્લેખની સંભાળ લીધી હતી, અને એમાં ખોટું પણ નથી; કેમકે વીસમી સદીના પૂર્વાર્ધમાં ત્રણ દાયકાથીયે વધુ સમય ગાંધીજી સ્વાભાવિક જ એવા ને એટલા છવાયેલા રહ્યા કે બીજા ઉલ્લેખોને કંઈક ઓછો અવકાશ રહ્યો. જો એ ક્ષતિપૂર્તિ આવા કોઈક નિમિત્તે થતી હોય તો એથી રૂડું શું. માત્ર, સમગ્ર સમજની રીતે બેત્રણ બાબતો સમજીને ચાલવું જોઈએ. સાવરકર જેવા અપવાદો બાદ કરતાં ક્રાંતિકારોનો મોટો હિસ્સો રાષ્ટ્રની ધર્મકોમમૂલક વ્યાખ્યાનો હેવાયો નહોતો અને ભગતસિંહનો ઉદય થયો ત્યાં સુધી પહોંચતાં જે મોટી વાત બની આવી તે એ હતી કે બંગાળના બૉંબ યુગ સાથેનો ભાવાવેશ રાષ્ટ્રભક્તિ ને આર્થિક-સામાજિક ન્યાયની સંકલ્પના જોડે સંકળાવા લાગ્યો હતો. (વિવેકાનંદની રુઝાન, એમના ક્રાંતિકારી ભાઈ ભૂપેન્દ્રનાથે નોંધ્યા પ્રમાણે સમાજવાદી કાર્યક્રમો ભણી હતી.)

કથિત મુખ્ય ધારાની બહારના કે પછી એની જોડે પણ કાંઠા પરના જે પ્રતિરોધ ઉન્મેષો આવ્યા એમને ઇતિહાસમાં દર્જ કરવાનું જરી મોડેથી પણ શરૂ તો થયું છે. પછી એ બિરસા મુંડાથી ગોવિંદગુરુ શી નક્ષત્રમાળા હોય કે તેજાવત જેવી વૈશ્ય પૃષ્ઠભૂ ધરાવતી આદિવાસી નેતૃતા. ભણેલું, મધ્યમવર્ગી જરી ડાબે ઢળતું જે નેતૃત્વ આવ્યું એને મુખ્યધારા જોડેના પણ સીમાવર્તી આ સૌની કદરબૂજ ઓછીવત્તી હશે, પણ આટલે વરસે તો એમાં ધોરણસરની દોષદુરસ્તી કરવી ઘટે છે.

કંઈક સપાટબયાની અને કંઈક મેગા નેરેટિવ એવી જે ઇતિહાસકથા ચાલે છે એમાં નવા ને નરવા અભ્યાસીઓએ લગરીક ઊંડળમાં જઈ ચાલુ ઇતિહાસને નિખારવાપણું છે. અને સામાન્યપણે રૂઢ ખયાલો કે બાંધી છાપને લાંઘી જવું, આઉટ ઑફ ધ બૉક્સ વિચારવું જરૂરી છે. આ લખું છું ત્યારે યાદ આવે છે કે એકવાર મણિલાલ એમ. પટેલે 'ગ્રામગર્જના' માટે 'નિરીક્ષક'તંત્રીની લાંબી મુલાકાત લીધી હતી, સ્વાતંત્ર્યના સુવર્ણજયંતી વર્ષને અનુલક્ષીને. એમાં ક્યાંક આંબેડકર વિશે કદરભર્યો ઉલ્લેખ હશે એટલે રિખવદાસ શાહ સરખા સહૃદય સેવાકર્મીએ પ્રશ્ન ઉઠાવ્યો હતો. દેખીતો તો એ પ્રશ્ન ઠીક જ હતો, કેમ કે દેશ રણે ચડ્યો હોય અને આંબેડકર વાઈસરૉયની એક્ઝિક્યુટિવ કાઉન્સિલમાં હોય તે ખૂંચે તો ખરું જ. પણ હિંદુસમાજની જે ગાંધીવર્ણવી ડાયરશાહી એમાં સ્વાતંત્ર્યનો અર્થ યુનિયન જેકને બદલે તિરંગો લહેરાતાં પૂરો થતો નથી. સ્વાતંત્ર્યની સીધી લડત મુબારક, પણ એમાં અંદરના જે પડ તળેનાં પડ, એને અંગે આંબેડકર સરખાની દોધારી નિયતિનોયે એક કેસ છે. આઝાદીની ચળવળ દરમિયાન સંસારસુધારા પરનો ગાંધીભાર બને કે લડવૈયાઓને ફોક્સ બહારની બીના જણાતી હોય, પણ સ્વરાજની વ્યાખ્યા સીમિત તો હોઈ શકતી નથી.

હમણાં સાવિત્રીબાઈ ફૂલેના નિધનનું એકસો પચીસમું વરસ બેઠું. ૧૯મી સદીમાં ફૂલે દંપતીએ જે સુધારપહેલ કરી એમાં વર્ણવાસ્તવ સંદર્ભે મુક્તિ એ પ્રધાન ચાલના હતી. અંગ્રેજ અમલે આ સંદર્ભમાં જે સુધારતક આપી એને અંગે એમાં કૃતજ્ઞતાનો ભાવ હતો. ગુલામગીરી પરની ફૂલેની કિતાબ પરચક્રમાંથી મુક્તિના અર્થને નહીં પણ કથિત સ્વચક્ર તળે દાસત્વ અગર અસ્પૃશ્યતામાંથી મુક્તિના અર્થને અનુસરે છે. મહારાષ્ટ્રની ફૂલે-આંબેડકર પરંપરા જોઈએ તો સ્વરાજના સ્વાતંત્ર્યોત્તર અર્થને એક નવી ધાર અને નવો આધાર સાંપડે છે. બાળ ઠાકરેના છત્રપતિ શિવાજી મહારાજની હિંદુપદપાદશાહી કરતાં ફૂલેને વસેલું શિવમહાત્મ્ય 'અમારા શુદ્રોના રાજા' તરીકેનું છે.

રાષ્ટ્રવાદના રૂઢાર્થથી હટીને, કંઇક ઊંચે ઊઠીને સ્વરાજલડત અને સ્વરાજનિર્માણને જોવાં જોઈશે. રાજને તાકતા અને એટલા જ સમાજને ઝંઝેડતા ગાંધી ત્યારે (ધારો કે રાષ્ટ્રપિતા હોતે છતે) રાષ્ટ્રવાદી નહીં હોવાનું સમજાશે અને એ ખુલ્લાપણું મને ને તમને ફૂલે તરેહનાં નાનાવિધ અર્પણોને બૂજતા શીખવશે. શ્રમિક-બૌદ્ધિક યુક્તતાથી વીસમી સદીનો બીજો દસકો બેસતે દરિયાપારનો 'ગદર' ઉન્મેષ સાંભરે છે ને? પણ સાથેલગું એય સંભારવું રહે છે કે એ માંહેલો એક લડવૈયો, નામે મંગુરામ, દેશ પહોંચ્યા પછી એક સ-ભાન નિર્ણયપૂર્વક પાછો ફર્યો નહોતો. અહીં હિંદુસમાજની અંતરિયાળ ચંપાતાં દલિત જીવતરની મુક્તિ માટે લડવાની અગ્રતા વસતાં એણે આ નિર્ણય લીધો હતો.

સત્તાવાર અગર સ્થાપિત ને ચીલેચલુ મંજીરાના કર્ણબધિર માહોલમાં સ્વરાજનાં અમરત નવી ખોજ, નવી સમજ માંગે છે.

**પ્ર.ન.શા.**


✳ **'નિરીક્ષક' દર માસની ૧ અને ૧૬ તારીખે પ્રકાશિત થાય છે.**

✳ **લવાજમ : (દેશમાં) વાર્ષિક રૂ.૨૦૦/-**
**(વિદેશમાં) વાર્ષિક રૂ.૨૫૦૦/-**

✳ **વાર્ષિક લવાજમની રકમ 'નિરીક્ષક પ્રકાશન'ના નામે ડ્રાફ્ટથી અથવા ચેક કે મ.ઓ.થી શાર્દૂલ પ્રિન્ટિંગ પ્રેસ, અમદાવાદના સરનામે મોકલવામાં આવે તે અપેક્ષિત છે. આજીવન સભ્યપદની રકમ 'નિરીક્ષક ફાઉન્ડેશન'ના નામે અમદાવાદની બૅન્ક ઉપરના ડિમાન્ડ ડ્રાફ્ટ કે ચેકથી મોકલવા.**



✳ **સંપાદકીય પત્રવ્યવહાર : 'પ્રકાશ', નવરંગપુરા પોસ્ટ ઑફિસ પાછળ, અમદાવાદ ૩૮૦૦૦૯. (ફોન : ૨૬૫૬૨૮૦૬)**

✳ બ્લોગ : nirikshakgujaratipakshik.wordpress.com

**તંત્રી : પ્રકાશ ન. શાહ -** E-mail : editor.nireekshak@gmail.com

**સહયોગી તંત્રી (દેશાવર): વિપુલ કલ્યાણી**
E-mail : vipoolkalyani.opinion@btinternet.com

**સંપાદક : કેતન રુપેરા -** E-mail : ketan.nireekshak@gmail.com



**લવાજમ ભરવા માટે સરનામાં**

| | |
|---|---|
| અમદાવાદ | ● **વિજય મેગેઝિન વર્લ્ડ** : ૬૨, કલ્યાણ ભવન, બીજા માળે, રૂપમ સિનેમા પાસે, રિલીફ રોડ, અમદાવાદ-૩૮૦૦૦૧ |
| | ● **અદીત એજન્સી (એસ.બી. શાહ)** : ૭૨/૮૬૨, અંબિકા એપાર્ટમેન્ટ, અંકુર રોડ, નારણપુરા, અમદાવાદ-૧૩ |
| | ● **સૌરભ પુસ્તક ભંડાર** : બી/૨૦, સ્થાપત્ય એપાર્ટમેન્ટ, સ્ટર્લિંગ હોસ્પિટલ પાસે, મેમનગર, અમદાવાદ-૩૮૦૦૫૨ |
| | ● **નવકાર મેગેઝિન એજન્સી** : એ, ૭૦૨, ચિન્મય ટાવર, વિશ્રામનગર, સુભાષચોક, મેમનગર, અમદાવાદ-૫૨ |
| | ● **ઈમેજ પબ્લિકેશન પ્રા.લિ.** : ૧-૨, પહેલા માળે, સેન્ચુરી બજાર, આંબાવાડી સર્કલ, અમદાવાદ-૩૮૦૦૦૬ |
| આણંદ | ● **મેગેઝિન વર્લ્ડ** : ગોપાલ ટોકીઝ પાસે, સ્ટેશન રોડ, આણંદ-૩૮૮૦૦૧ |
| પાટણ | ● **એજ્યુકેશનલ એમ્પોરિયમ** : ૩૬, ઉમિયાનગર, પાટણ-૩૮૪૨૬૫ |
| ભાવનગર | ● **શિવમ એન્ટરપ્રાઇઝ** : બુક સેલર્સ એન્ડ સ્ટેશનર્સ, વનિતા વિશ્રામ સામે, ડોન રોડ, ભાવનગર-૦૧ |
| મહેસાણા | ● **નવનીત મેગેઝિન એજન્સી** : એસ-૬, શ્રદ્ધા કોમ્પ્લેક્સ, બીજા માળે, નગરપાલિકા સામે, મહેસાણા-૦૧ |
| | ● **પીયૂષ મેગેઝિન એજન્સી** : એસ/૨૧, એ, મુલ્કીભવન, વર્ધમાન વિદ્યાલય પાસે, બસ સ્ટેન્ડ પાસે, મહેસાણા-૦૧ |
| મુંબઈ | ● **ઈમેજ પબ્લિકેશન પ્રા.લિ.** : ૧૯૯/૧, ગોપાલભુવન, કલબાદેવી, પ્રિન્સેસ સ્ટ્રીટ, મુંબઈ-૪૦૦૦૦૨ |
| સુરત | ● **કીમ એજ્યુકેશન સોસાયટી સ્ટુડન્ટ કન્ઝ્યુમર સ્ટોર્સ** : કીમ, જિ. સુરત-૩૯૪૧૧૦ |

**જા.ખ.ના દર**

| | |
|---|---|
| **આવરણ-૪** | રૂ. ૪૦૦૦/- |
| **આવરણ-૩** | રૂ. ૩૦૦૦/- |
| **અંદરનું આખું પાનું** | રૂ. ૨૦૦૦/- |
| **અંદરનું અડધું પાનું** | રૂ. ૧૦૦૦/- |
| **સેન્ટર સ્પ્રેડ** | રૂ. ૪૦૦૦/- |
| **પુસ્તકોની જા.ખ.** | **અડધા દરે** |

# અમૂલ્ય સિક્કાની બે બાજુ : ગાંધીજી અને નહેરુ / સુરેશ શુક્લ

ગાંધીજીની 'આત્મકથા' તેમની ગૌરવશાળી પ્રતિભાને લીધે વિશ્વમાં ખ્યાતિ પામી છે. આ આત્મકથાનો પ્રધાન સૂર સહજ રીતે વ્યક્ત કરેલી એમની કેટલીક નબળાઈઓ. એ નબળાઈનો ગ્રાફ કોઈ પણ પ્રકારના ક્ષોભ વગર સરળ શૈલીમાં રજૂ કર્યો છે. કિશોરવયે સામાન્ય વાતાવરણમાંથી પણ સત્યના અવલંબન દ્વારા અભ્યુન્નતિના શિખરે એ કેવી રીતે પહોંચ્યા ? તે કથની એટલે કે 'સત્યના પ્રયોગો'. આ કથાને લાયોનેલ ટ્રિલિંગના શબ્દોમાં જોઈએ:

'The impulse to write autobiography may be taken as virtually definitive of psychological changes to which the historians point out. His conception of his private and uniquely interesting individuality, together with his impulse to reveal himself without reluctance.'

'આત્મકથા' લખનારને એમની સ્મરણશક્તિ, આત્મખોજ કરતાં શું કહેવું ! શું ન કહેવું ! કારણ કે અહીંયાં કથાનકને અંગત વાત કરવામાં બેસૂરું વાજું નથી વગાડવાનું. પણ કેટલાંક પ્રકરણો દા.ત. 'પિતાજીનું મૃત્યુ' અને 'મારી નામોશી', 'નિર્બલ કે બલરામ' કરેલા ગુનાઓની કબૂલાત કદાચ સેંટ ઑગસ્ટાઈન અને રુસો કરતાં પણ વાચકના મનને અસરકારક છે. ગાંધીજીની આત્મકથાનું સ્વરૂપ વિશ્વની અનેક આત્મકથાઓ કરતાં તદ્દન જુદું જ છે. "મારે આત્મકથાને બહાને 'સત્ય'ના મેં જે અનેક પ્રયોગો કર્યા છે. તેની કથા લખવી છે." કર્તાની પારદર્શકતા, રહેણીકરણી 'સત્યના પ્રયોગો'માં પાને-પાને સ્પષ્ટ જણાય છે. સત્ય વિશેની એમની નિષ્ઠા જ એટલી ગહન છે કે એમને વિના આયાસે લેખનકળાએ જાણે વરમાળા જ પહેરાવી હોય ! સત્યને જ પોતાના આરાધ્યદેવ માનીને ક્યારેક અકથ્ય એવી ઝીણામાં ઝીણી વાતની રજૂઆત કરતાં એમની 'નિરીક્ષણશક્તિના' અને યાદશક્તિનો પરચો કરાવે છે. ક્યાંય કૃત્રિમતાની છાંટ પણ નથી, શૈલીમાં વૈવિધ્ય સચવાયું છે. ક્યારેક સૌરાષ્ટ્રની તળપદી ભાષાનો સૂર સંભળાય છે. એક જ વાક્ય, પણ એ સહજ રીતે કહે છે : "હું શરમાયો, ચેત્યો, હૃદયમાં મિત્રનો ઉપકાર માન્યો. માતાની પાસે લીધેલી પ્રતિજ્ઞા યાદ આવી. હું ભાગ્યો..."

સંયમ જ લેખકના જીવનનું પ્રેરકબળ છે. જીવનમાં ડગલે અને પગલે સંયમનો આગ્રહ છતાં પ્રસન્નતા પર ક્યારેય વિષાદ ઘેરાતો નથી....

એમના પૂર્વજોનું ટેકીલાપણું ગાંધીજીમાં હતું. માતા પૂતળીબાઈ ખૂબ જ ધર્મપરાયણ, ભાવિક, વ્રતપરાયણ અને અલૌકિક શક્તિમાં શ્રદ્ધા. ગાંધીજીમાં એ ગુણો હતા. દાઈ પાસેથી જ રામનામનો મહિમા બાળપણમાં શીખ્યા. વિવિધ પરિસ્થિતિનું તેમનું પરિશીલન કહો કે પૃથક્કરણ એ સાચી સમજણ દર્શાવે છે. આ પ્રકારની રજૂઆત કાંઈ એમણે પોતાની અગત્ય બતાવવા નથી લખી. સત્યાગ્રહને આચરણમાં મૂકવા ઉપરાંત નાની-મોટી બાબતમાં એમણે અનેક પ્રકારના અખતરા કર્યા જે ભાગ્યે જ કોઈની આત્મકથામાં વાંચવા મળે. જર્મન લેખક વેલીડેમ વો પોશમેરના મંતવ્ય પ્રમાણે: "It was not Gandhi's aim to be politician. His inner revolt against such flagrant injustice, which appeared to him as a sacrilege on mankind, ceased him to resolve to better lot of his countrymen. In Bombay, he found his first friend and adviser in the Congress leader Gokhale, with whom he had a common aim, that of helping the suffering of masses.'

'સત્યના પ્રયોગો' મુખ્યત્વે આત્મનેપદી પ્રકારની રજૂઆત છે, એટલે કે લેખક આંતરમનને સતત ચોકસાઈપૂર્વક રજૂ કરે છે. એ સમયના જીવનની...એ દેશમાં હોય કે પારકા દેશના કડવા અનુભવોની વાત કરવામાં પણ કસર કરી છે, એમણે કોઈ પણ પ્રકારનાં રોદણાં રોયા વિના કે બડાઈ માર્યા વગર જે કાંઈ પણ સહન કર્યું એ વાત કરવામાં પણ એમણે સહજ રીતે હિચકિચાટ અનુભવ્યો એમ લાગે છે. કોઈના પ્રત્યે નફરત કે તિરસ્કાર ક્યારેય વ્યક્ત કર્યો નથી, એ રીતે આપણા સમયના એક ઋષિમુનિની સિદ્ધિનો પરિચય કરાવે છે.

ગર્ભશ્રીમંત કુટુંબમાં એકનો એક દીકરો હોય, તો માબાપે તેને હથેળીમાં રાખવો પડે, સૌ સ્વજનો અને શુભેચ્છકો તરફથી પણ અનેરો પ્રેમ મળે, વધુ પડતા લાડકોડ પામેલો છોકરો ક્યારેક નાદાનિયત પણ કરે ખરો ! જવાહરલાલ કરતાં એમની બહેનો ખૂબ જ નાની, એટલે તેઓ એકલવાયા જ ઊછર્યા એમ કહેવાય. પૂર્વજો કાશ્મીરના વડવાઓ. સમાજમાં મોભો વધે માટે કાશ્મીરી પહાડી ખીણમાંથી ફળદ્રુપ મેદાનમાં પણ રહેઠાણ નદીકિનારે પસંદ કરેલું એટલે 'નહેરુ' કહેવાયા. વડવાઓમાં કૌલ નહેરુ તરીકે ઓળખાયા. મોતીલાલ નેહરુ અને એમના વડીલ બંસીધર નહેરુ અંગ્રેજ સરકારની કચેરીમાં કામ કરતા. એ દિવસોમાં મોતીલાલ નહેરુએ પણ કાયદાશાસ્ત્રનો અભ્યાસ કરીને આગ્રાની વડી અદાલતમાં વકીલાત શરૂ કરી. થોડા સમયમાં વકીલ તરીકેની ખ્યાતિ મળી. અચાનક એમના ભાઈ નંદલાલનું નિધન થતાં મોટા કુટુંબના બોજો સંભાળવાની જવાબદારી આવી પડી. પણ મોતીલાલ નેહરુની વકીલાતમાં ખૂબ જ સારી કમાણી થતાં કુટુંબની રહેણીકરણી અકથ્ય એવી શાહી ઢબની થઈ. વારંવાર પાર્ટી પ્રોગ્રામ થતાં અને ત્યાં ગોરા લોકો પણ આવતા.

જવાહરલાલને પિતા પ્રત્યે ખૂબ જ માન હતું, કારણ કે તેઓ ખૂબ જ હિંમતવાન અને મહેમાનો સાથેની ચર્ચામાં હંમેશાં ખૂબ જ બુદ્ધિશાળી. વળી, સાચદિલી, નિખાલસતા, નાના પ્રસંગમાં પણ તેમના વર્તનમાં પ્રગટ્યા વગર રહેતી નથી :

કેટલીક વાર હું પડદા પાછળ ડોકિયું કરીને જોતો કે આ મોટા લોકો એકબીજા સાથે શું વાત કરી રહ્યા છે. આમ, ડોકિયું કરતાં જો હું પકડાઈ ગયો તો મને એ લોકો બહાર ખેંચી લઈ જતા અને મારી ભયગ્રસ્ત દશા છતાં પિતાશ્રીના ગોઠણ ઉપર મને ગોઠવતા. આવા એક પ્રસંગે મેં એમને ક્લેરેટ કે એવા બીજા લાલ દારૂ પીતા જોયા. વ્હીસ્કીને હું ઓળખી શકતો. મેં ઘણી વાર મારા પિતાને અને તેમને મિત્રોને એ પીતા જોયેલા. પણ આ નવી ચીજથી બેબાકળો બની ગયો અને મેં ઘરમાં દોડી જઈને માને કહ્યું: 'મા, જુઓ, તો ખરા, પાપા લોહી પીએ છે !'

સામાન્ય રીતે જવાહર પિતાના કરતાં વધુ સમય માતા પાસે જ વિતાવતા. ઘણી વખત તે પિતાને અમુક વાત કરવાની ટાળતા. જવાહરને મા ઉપરાંત કેટલીક વાત કરવા માટે પિતાશ્રીના મદદનીશ મુનશી મુબારકઅલી હતા. એમના સાંનિધ્યમાં જવાહર કલાકો સુધી એરેબિયન નાઇટ્સ જેવી વાતો કરે. ક્યારેક ૧૮૫૭ના જમાનાના રસપ્રદ કિસ્સાઓ તો, ક્યારે રામાયણ-મહાભારતની તેમજ હિંદુપુરાણોની એ વાર્તાઓ કહેતા. આમ છતાં જવાહરનો ધર્મ વિશેનો ખ્યાલ તદ્દન સામાન્ય રહ્યો. સ્વજનો અને શુભેચ્છકો અનેક ધાર્મિક ક્રિયાઓ વખતે જવાહરને હાજર

રાખવા પ્રયત્નો કરતાં. એવા કાર્યક્રમમાં એમને આનંદ આવતો ખરો પણ સવિશેષ રક્ષાબંધન - ભાઈબીજ જેવા તહેવારો સૌની સાથે ઊજવતા.

એકંદરે જવાહરનું બાળપણ ગાંધીજી કરતાં ખૂબ જ સુખશાંતિવાળું, એમણે ક્યારેય કોઈ બાળમંદિર કે ગામઠી નિશાળનો અનુભવ નહોતો કર્યો. એમને ઘેર જ શિક્ષણ માટે અંગ્રેજ શિક્ષક-શિક્ષિકાની વ્યવસ્થા કરવામાં આવતી. આ રીતે જવાહરને નાનપણથી જ અંગ્રેજો માટે ભાવ રહ્યો. ક્યારેય પણ એમણે જેલમાં પણ અંગ્રેજો પ્રત્યે કોઈ પણ પ્રકારનો દ્વેષ કે તિરસ્કાર વ્યક્ત કર્યો નથી. બારેક વર્ષની વયે એમને માટે ફર્ડિનન્ડ બ્રુક્સને શિક્ષક તરીકે એમના ઘરમાં રાખવામાં આવ્યા. હકીકતમાં એ ચુસ્ત થિયોસૉફિસ્ટ હતા. એમની ભલામણ શ્રીમતી એની બેસંટે નહેરુના પિતાને કરેલી. આ રીતે બ્રુક્સના માર્ગદર્શનને લીધે નહેરુએ નાનપણથી જ વાંચવાનો શોખ કેળવ્યો. કિશોરોને પસંદ પડે એ પ્રકારનું સાહિત્ય નહેરુએ વાંચ્યું.... 'ડોન ક્વિકઝોટ', સ્કોટ, ડિકન્સ, ઠેકરે અને લૂઈ કેરોલ ઉપરાંત વેલ્સ અને માર્કઇનની વાર્તાઓ વાંચી. શેરલોક હોમ્સ અને પ્રિઝનર ઑફ ઝેન્ડા તથા કિપલિંગનાં પુસ્તકો પણ વાંચ્યાં. બ્રુક્સે વિજ્ઞાનની ખૂબીઓ દર્શાવવા એક નાનકડી લૅબોરેટરી ઘરમાં પણ બનાવરાવી. આ ઉપરાંત એક જૈફ વયે પહોંચેલા પંડિત પાસેથી એમને હિંદી અને સંસ્કૃત શીખવવાનો પ્રયત્ન થયેલો પણ એ બાબતમાં નહેરુને સારી ફાવટ ન આવી.

ઈ.સ.૧૯૦૫માં હેરોની શાળામાં પ્રવેશ મેળવ્યો. પણ ત્યાં એકાદ વર્ષ તેમને પાછળ મૂકવામાં આવ્યા. કારણ કે નહેરુનું લૅટિનનું જ્ઞાન બહુ જ મર્યાદિત હતું. સમય જતાં નહેરુને અભ્યાસમાં સારી પ્રગતિ કરવા બદલ જી.એમ.ટ્રેવેલિયનનું 'ગેરીબાલ્ડી'નું જીવનચરિત્ર ઇનામમાં મળેલું. ત્યાર બાદ ટ્રિનિટી કૉલેજ, કૅમ્બ્રિજમાં ઉચ્ચ અભ્યાસ માટે પ્રવેશ લીધો. એ વર્ષોમાં ઓસ્કર વાઇલ્ડ, અને વોલ્ટર પેટરની અસર થઈ. સહજ રીતે વિલાસી જીવન ભોગવવાની ઇચ્છા થઈ ત્યારે તે મુક્ત રહ્યા. કૅમ્બ્રિજમાં એમના રાજકીય વિચારો ઘડનાર પુસ્તકોમાં ટાઉનલૅન્ડની 'એશિયા અને યુરોપ' ગણાવી શકાય. ઈ.સ.૧૯૧૨માં નહેરુ બૅરિસ્ટર બન્યા. એ દિવસોમાં હિંદુસ્તાનમાં રાજકારણ સાવ સામાન્ય હતું. મધ્યમવર્ગના લોકોને દેશની પરિસ્થિતિનો જરા પણ ખ્યાલ નહોતો. ઈ.સ.૧૯૧૨ નાતાલમાં બાંકીપુરની મહાસભામાં પહેલી વખત તેમણે પ્રતિનિધિત્વ કર્યું. હવે વકીલાતની પ્રૅક્ટિસ શરૂ કરી પણ વાતાવરણ અમુક અંશે શુષ્ક લાગ્યું. ઈ.સ.૧૯૧૫માં ગાંધીજીને નહેરુ પ્રથમ વખત મળ્યા, લખનૌ મહાસભામાં. આ પહેલાં એમણે દક્ષિણ આફ્રિકામાં જે કાંઈ અંગ્રેજનો વિરોધ કર્યો હતો, એ વિષેની તેમને જાણકારી હતી.

ઈ.સ.૧૯૧૬માં કમલા સાથે નહેરુનાં લગ્ન દિલ્હીમાં વસંતપંચમીને દિવસે થયાં. ગાંધીજીએ એમની આત્મકથામાં કસ્તુરબા સાથેનાં લગ્નની જે વિગત આપી છે એ પ્રકારની કોઈ વિગત નહેરુ એ 'મારી જીવનકથા'માં આપી નથી. ગાંધીજીએ એમની મનોવિકારની વાત સહજ રીતે આપી છે, એમની સરખામણીમાં નહેરુ ઠાવકાઈપૂર્વક કહે છેઃ 'અમારી બંને બાજુએ પહાડો ઊભા હતા જેનાં શિખરો ઉપર હિમનો મુકુટ ચળકતો હતો. નાના પ્રપાતો અમારું સ્વાગત કરવાને જાણે અતિમંદ ગતિથી ઊતરી રહ્યા હતા. પવન ઠંડો અને આકરો હતો. પણ દિવસના સૂરજનો મધુર તડકો રહેતો અને હવા એટલી નિર્મળ હતી કે અમે એક સ્થાનેથી બીજા સ્થાન વચ્ચેના અંતર વિષે છેતરાતા અને દૂરનાં સ્થાનોને પાસે માનતા... પ્રકૃતિમંદિરોમાં હું કાંઈક અજબ તૃપ્તિ અનુભવતો અને સ્ફૂર્તિથી અને આહ્‌લાદથી ઊભરાતો.' આ રીતે અંગત વાત કહેવાનું ટાળે છે.

નહેરુની આત્મકથા એ મહદંશે, હિંદુસ્તાનની રાજકીય પરિસ્થિતિની બાબતમાં એ 'સત્યાગ્રહની ચળવળ' જલિયાંવાલા બાગમાં જનરલ ડાયરે કરેલો અત્યાચાર અને સી.એફ. એન્ડ્રુઝના 'પૂર્ણસ્વરાજ્ય' વિષેના લેખની ચર્ચા કરે છે. નહેરુ ગાંધીજીને બિરદાવતા કહે છેઃ અમે માનતા કે તેઓ એક મહાન અને અપ્રતિમ મનુષ્ય છે અને તેજસ્વી નેતા છે જે ક્યારેક વિનોદમાં કહેતા :

'સ્વરાજ્ય આવે ત્યારે એ બધું આપણે નહિ ચાલવા દઈએ.'

નહેરુ એમના સહકાર્યકરો વિષે સહજ રીતે ટીકા કરતાં કહે છે :

".... અમારા ચુનંદા કાર્યકર્તાઓ.... હું સુધ્ધાં મંચ ઉપર ઊભા રહી નાટક કરતા એમાં સારી પેઠે દંભ હતો અને અમારાં છટાદાર ભાષણોમાં આડંબરનો પાર નહોતો..."

અહિંસા અને શાંત અસહકારની હિમાયત કરતાં ગાંધીજીએ પોતાના તમામ વાક્ચાતુર્ય અને સામશક્તિને ખરચી નાંખી હતી. એમની ભાષા સીધી અને અલંકારરહિત હતી. એમનો અવાજ અને દેખાવ શાંત, સ્વચ્છ અને આવેશરહિત હતો પણ એ બરફના બાહ્ય આચ્છાદનની નીચે આવેશનો ધગધગતો જ્વાળામુખી સળગી રહ્યો હતો.

થોડો સમય નહેરુ અને કમલા જીનિવામાં હવાફેર માટે રહ્યાં. એ વખતે શ્યામજી કૃષ્ણવર્મા પણ એમની પત્ની સાથે આવેલાં. એ દંપતી પાસે ખૂબ જ પૈસો હતો પણ શ્યામજીના હાથે પૈસો છૂટતો નહીં... સામાન્ય રીતે નહેરુ કોઈની પણ ટીકા કરતા નહીં, પણ આ પ્રકારનો અનુભવ એક પાડોશી તરીકેનો સહજ રીતે એમની કથામાં નોંધ્યો છે.

માલવિયાજીને બનારસ હિંદુ યુનિવર્સિટી સ્થાપવામાં સફળતા મળી. તેમની પારદર્શકતા, સાચા દિલની ધગશ તેમનું અસરકારક અને ગંભીર વક્તૃત્વ, નમ્ર સ્વભાવ અને એ મોહનમૂર્તિ હિન્દુ જનતાને પ્રિય થયાં. એમની લાંબા કાળની સેવા અને તેમની વયોવૃદ્ધ અવસ્થાને કારણે તે હિંદી રાજકારણના ભીષ્મપિતામહ છે.

- ઈ.સ.૧૯૧૯ અને ૧૯૨૬ના વર્ષના અંતમાં સમસ્ત ભારતવર્ષને અરેરાટી ભરી દે એવી કરુણ ઘટનાથી દેશભરમાં શોકની લાગણી ફેલાઈ. કોઈ ધર્મ ઝનૂનીએ સ્વામી શ્રદ્ધાનંદનું ખૂન કરેલું.

મોતીલાલ નહેરુ પુત્રની રાજકારણપ્રવૃત્તિથી નારાજ હતા, એ અંગે સહજ રીતે જવાહરલાલ કહે છે : "મારા પિતાશ્રીને મારું રાજકારણ બહુ પસંદ નહોતું.... મારી તેઓ ઘણીવાર ટીકા કરતા અને મારી સાથે જરા અક્કડ થઈને પણ બોલતાં પરંતુ એમની મહેરબાની જાળવી રાખવાની ઇચ્છાવાળા કોઈ પણ માણસથી તેમની હાજરીમાં મને ઉતારી પાડવાની હિંમત થાય એમ નહોતું. ધારાસભાના કાર્ય વિષે મારા પિતાનો વિશ્વાસ તદ્દન ઊઠી ગયો હતો અને તેઓ પોતાનો અભિપ્રાય જાહેર કરતા કે હવે એ તલમાં તેલ રહ્યું નથી...!"

નહેરુએ અનેક વર્ષ ભારતની જુદીજુદી જેલમાં વિતાવ્યાં છે. એ અંગેના કાર્યક્રમની વિગત આપી છેઃ "કામ અને કસરતનો નિયમિત કાર્યક્રમ અમે બાંધી લીધો હતો. કસરતને માટે અમે વાડાની દીવાલને લગોલગ દોડતા અનેક ચક્કર લેતા અથવા બબ્બે જણ બળદની માફક જોડાઈ અમારા વાડામાંના કૂવામાંથી મોટો કોસ ખેંચતા અને નાનકડી સરખી એક શાકભાજીની વાડી કરી હતી, તેને પાણી પાતા, થોડું કાંતતા. પણ ટૂંકા દિવસો અને લાંબી રાતમાં વાંચવાનો સમય મળતો હતો. શિયાળાની આ લાંબી રાતે નિરભ્ર આકાશમાં તારા જોવાની મજા આવતી અને અમારી

પાસે નભોમંડળના કેટલાક નકશા હતા અને ઘણા ગ્રહો અને નક્ષત્રો ઓળખવા રોજ રાત્રે તેમના નીકળવાની રાહ જોતાં અમે બેસીએ અને તેમને જોઈને પરિચિત મિત્રોને મળતા હોઈએ તેમ આનંદથી વધાવતા.''

**પુત્રપ્રેમ-પિતૃપ્રેમ :** મોતીલાલના પુત્રપ્રેમને જો કોઈની સાથે સરખાવવો હોય તો તેને જવાહરના પિતાપ્રેમ સાથે જ સરખાવી શકાય. જવાહરે બૅરિસ્ટર બન્યા પછી મહાસભાની પ્રવૃત્તિમાં રુચિ બતાવી અને ત્યાર બાદના પ્રત્યેક આચરણમાંથી પિતાની ક્ષેમકુશળતા માટેની ચિંતાનો આવિષ્કાર થતો રહ્યો. બંને જેલમાં સાથે હતા, ત્યારે પુત્રરત્ને જે ભક્તિભાવથી સેવા કરેલી તેનાથી પ્રભાવિત થઈને મોતીલાલે ગાંધીજીને લખ્યું હતું કે : ''જવાહર મારે કઈ વસ્તુની જરૂર છે, તેની સચોટ રીતે કલ્પના કરી શકે છે. એ મારા માટે કોઈ કામ બાકી રાખતો નથી ! આવાં સંતાનો માટે ગૌરવ લઈ શકે એવા ઘણા પિતાઓ હોય એમ ઇચ્છું છું.''

પશ્ચિમના વિચારોથી પ્રભાવિત અને ધર્મ પ્રત્યે અથવા કોઈ સંપ્રદાય વિશે વાત સાંભળવા કે વિચાર પણ ન કરે એવા નહેરુ; બીજી તરફ ભારતીય સંસ્કૃતિ અને દર્શનના પ્રતીકસમા ઈશ્વરમાં અનન્ય શ્રદ્ધા ધરાવનાર, ગીતાના સઘન અભ્યાસી, આધ્યાત્મિકતાને ઓવારે ઊભેલા ગાંધીજી. એ વિષે અનેક લેખકોએ અને નહેરુએ પણ સાચી સમજ કેળવીને સહાનુભૂતિથી વિવરણ નિષ્ઠાપૂર્વક કર્યું છે. ગાંધીજી માટે સાધન અને સાધ્યમાં કોઈ તફાવત નહોતો. નહેરુએ પણ અહિંસા અપનાવી હતી, પણ એમની અખૂટ શ્રદ્ધા શરૂઆતના બે દશકા સુધી ગાંધીજી જેટલી નહોતી. નહેરુની બહેનો અને માતા સ્વરૂપરાણી પર જ્યારે પોલીસનો અમાનુષી પ્રહાર થયો અને આસામ ઉપર પરદેશી હુમલો થયેલો ત્યારે એમની શ્રદ્ધાના પાયા એકદમ ડગી ગયા હતા. ઈ.સ.૧૯૩૩માં એમને એવી અકળામણ થઈ કે અહિંસાને અપનાવીને ગુલામીમાં ડૂબી રહેવા કરતાં હિંસા દ્વારા હાંસલ કરેલી આઝાદીની વધુ અગત્ય છે એ માન્યતા દૃઢ થવામાં હતી.

ગાંધીજી ચળવળ શરૂ કરવામાં ઢીલ કરે અથવા કોઈક જગ્યાએ થોડી મારામારી થાય અથવા કોઈ કેદી જેલમાં જેલરની સૂચનાની અવગણના કરે તો નહેરુ માટે અસહ્ય બનતું. નહેરુ અકર્મણ્યતાથી અકળાતા. એ ગમે તે પ્રકારે આઝાદી મેળવવા પ્રયત્નો કરવામાં માનતા. ઈ.સ.૧૯૪૨માં 'હિંદ છોડો'ની વાતે આંદોલનમાં ગાંધીજીને નહેરુને સમજાવવા માટે મુશ્કેલીનો અનુભવ થયો હતો.

ગાંધીજીના યરવડા જેલના ઉપવાસે જવાહરે ખૂબ જ બેચેની અનુભવેલી. શત્રુઓને સમજાવવાનો આ પ્રકારનો કીમિયો નહેરુને અનુકૂળ નહોતો. ગાંધીજીની તબિયત લથડે અને કાંઈક વિપરીત પરિણામો આવે તો ? એ પ્રકારની શંકાથી નહેરુની બેચેની વધુ રહેતી.

**નૈની જેલમાં નહેરુ:** ''સાત વર્ષ પછી હું પાછો જેલમાં ગયો, એટલે કે જેલજીવનનાં મારાં સંસ્મરણો કાંક ઝાંખાં થઈ ગયાં.

''૨૨૦૦થી ૨૩૦૦ કેદીઓની વસ્તી માટે જેલના મોટા વાડાથી મારો રહેવાનો વાડો અલગ હતો. આખી જેલમાં મારો વાડો અને તેમાં આવેલી બૅરેક 'જેલ'.એ 'કુત્તાઘર' તરીકે ઓળખાતી.

''તારાઓનું નિરીક્ષણ કરવાનું મને ગમતું અને કેટલાંક પ્રસિદ્ધ નક્ષત્રોના સ્થાન પરથી હું સમયની ઠીક-ઠીક અટકળ કરી શકતો. હું જે જગ્યાએ સૂઈ રહેતો. ત્યાંથી બરાબર દીવાલની કોર પરથી ધ્રુવના તારાને ડોકિયું કરતા જોઈ શકતો અને તે હંમેશાં એકના એક સ્થાને જોવા મળતો તેથી મારા જીવને અતિશય સુખ થતું.''

નહેરુજીએ ''ઇન્ડિયન સાયન્સ કૉંગ્રેસ (૧૯૩૭, ડિસેમ્બર)માં વિજ્ઞાનની સિદ્ધિઓમાં શ્રદ્ધા રાખીને કહ્યું હતું :

'Science alone could solve the problems of hunger and poverty, of insanitation and illiteracy, of superstition and deadening custom and tradition.'

નહેરુ રૂઢ અર્થમાં સંત કે ભક્ત નહોતા પણ એ સાત્ત્વિક પુરુષ હતા. એ પોતે અન્યત્ર કહે છે : ''પ્રકૃતિની વિવિધતા અને વિપુલતા અંતરમનને હચમચાવી દેતી. એ આત્માનો સુસંવાદ પણ પેદા કરતી હશે.'' એમણે કોઈ ધર્મની આચારસંહિતાઓનો મુખપાઠ કર્યો નહોતો, દીક્ષા કે ટીલાંટપકાંથી તે ખૂબ દૂર રહ્યા હતા. એ માનવતાવાદી અને ઉદારમતવાદી હતા, વૈજ્ઞાનિક દૃષ્ટિકોણને હંમેશાં એ અગત્ય આપતા રહ્યા. માર્ક્સનો પ્રભાવ અમુક અંશે સ્વીકારેલો પણ એ ભૌતિકવાદી નહોતા, અદ્વૈત વિશેની વેદાંતની ફિલસૂફી તરફ તે આકર્ષાયા હતા. ગીતા અને ઉપનિષદોની વાતમાં રુચિ કેળવી હતી. બાળપણમાં ગૌતમબુદ્ધની કથાઓની અસર એમના ચિત્તમાં પડેલી હતી. બાળકોને હરહંમેશ એ ચાહતા રહ્યા. પ્રેમને છુપાવતા એ ક્યારેય શીખ્યા નહોતા ! એક વખત કોઈ પ્રશ્નકર્તાએ કમલા અંગે પણ કાંઈ પૂછ્યું છે. નહેરુજીએ નિઃસંકોચ ઉત્તર આપેલો છે. મહાપુરુષોનું 'નિજ' સર્વ સાથે એકરૂપ બને છે. અદ્વૈતની ભાષામાં તાત્ત્વિક દૃષ્ટિએ પણ નહેરુ માનતા હતા. કમલાજીનાં અસ્થિની રાખ એમણે જતનપૂર્વક સાચવી હતી. આ રીતે નહેરુજી સર્વાભિમુખ પ્રેમના સ્રોત હતા. સાચે જ ! પૂર્વગ્રહમુક્ત વ્યક્તિ જ આ પ્રકારે સ્તુત્ય વિકાસની પગદંડી રાષ્ટ્રપ્રેમીઓ માટે તૈયાર કરી શકે.

૧૯૪૬માં શિખરપરિષદ પછી ઝીણાએ હિંદુસ્તાનમાં હિંદીઓ નહિ પણ હિંદુઓ અને મુસલમાનો જ રહે છે એવી ઘોષણા કરી એ અંગે કોઈ મહાનુભાવે લખ્યું છે કે, એ એક વાક્યમાં ઝીણાએ હિંદુસ્તાનનાં ચાર હજાર વર્ષના પ્રાચીન ઇતિહાસને ભૂંસી નાંખ્યો છે. ઝીણા અને મુસ્લિમ લીગે સ્વાર્થખાતર બ્રિટિશરોને અકથ્ય એવી રીતે સાથ આપ્યો. કૉંગ્રેસના માર્ગમાં વિઘ્નો ઊભાં કરવાનું કામ કર્યું. ગોળમેજી પરિષદ, ક્રિપ્સ મિશન, લૉર્ડ વેવલ પ્લાન, હિંદુઓ સામે જાતજાતનાં તહોમતો મૂકતો પીરપુરનો અહેવાલ રજૂ કર્યો. અંગ્રેજોના આ પ્રકારના આકરા વલણનું અમલીકરણ કરવા પ્રયત્નો થયા પણ લૉર્ડ માઉંટબેટન વાઇસરૉયે સમજ અને સહાનુભૂતિ બતાવી અને હિંદની જનતા અને એમના નેતા જવાહરનાં દિલ કઈ રીતે જીતી લીધાં એ દર્શાવવાનું માઇકલ બ્રેશર ચૂક્યા નથી.

કોઈ પણ આપવીતી એટલે કે 'આત્મકથા' લખનાર વ્યક્તિ જન્મથી કે છેલ્લો શ્વાસ રૂંધાય ત્યાં સુધીની રજૂઆત ન કરી શકે. 'આત્મકથા' એ સાહિત્યસ્વરૂપ ખરું પણ એ લખનારની યાદશક્તિ, વ્યક્તિને ભૂતકાળમાં જે કાંઈ નોંધપાત્ર ઘટના પ્રસંગોને ક્રમાનુસાર રજૂ કરવામાં પણ ચોક્કસ પ્રકારની સ્વયંસિદ્ધ મર્યાદા તો રહેવાની. સામાન્ય રીતે વિશ્વમાં પ્રસિદ્ધિ પામેલી 'આત્મકથા'ની શરૂઆત કિશોર-અવસ્થાનું પહેલું ચરણ હોય. કિશોર-અવસ્થામાં સ્વજનો તરફથી થયેલા આદેશનું કેટલે અંશે પાલન કરેલું અથવા એ સમયે કરેલી આદેશની અવહેલના, કિશોર-અવસ્થામાં વાચન, રમતગમતનો કે સંગીતનો કેળવાયેલો શોખ. એ સમયે ઘર અને બહારની દુનિયામાંથી મળેલા મિત્રોનો જે સંગરંગ લાગે એ પ્રકારની પ્રવૃત્તિમાં વ્યક્તિનું ઘડતર થાય... આ રીતે 'આત્મકથા' એ વ્યક્તિના મર્યાદિત વર્ષોના સારા/માઠા પ્રસંગોની રજૂઆત હોય છે, પણ અહં પ્રેમ કે ક્યાંય આત્મમોહની અકારણ રજૂઆત ન થવી જોઈએ.

ગાંધીજી અને નહેરુની આત્મકથામાં સારો એવો તફાવત છે. ગાંધીજીએ કિશોર-અવસ્થા સામાન્ય કક્ષાનાં છોકરાંઓ વચ્ચે વિતાવી, જ્યારે નહેરુએ

તદ્દન સુરક્ષિત શાહી કુટુંબમાં બાળપણ વિતાવ્યું. નોકરચાકરની પણ રખેવાળી એટલે નઠારી સોબતનો કોઈ પણ પ્રકારનો ચેપ લાગે જ નહીં. ગાંધીજીએ શિક્ષણ પબ્લિક સ્કૂલમાં લીધું, જ્યારે નહેરુને ફર્ડીનન્ડ બ્રુક્સ જેવા અંગ્રેજ શિક્ષક પાસે પશ્ચિમી તાલીમ મળી. ગાંધીજીએ ઈંગ્લૅંડ જતાં પહેલાં એક રૂઢિચુસ્ત, ધર્મપરાયણ માતા પૂતળીબાઈ પાસે પ્રતિજ્ઞા લીધી. છતાં એક યા બીજા કારણસર પશ્ચિમના લોકોનું અનુકરણ કરવાની પરોક્ષ રીતે ફરજ પડી. નહેરુને હેરો કૅમ્બ્રિજમાં પ્રવેશ લેવામાં અને એ લંડનના સામાજિક વાતાવરણને અનુકૂળ થવામાં કોઈ તકલીફ નહોતી. નહેરુએ એમની માતા સ્વરૂપરાણી અને પિતાની હૂંફ મેળવ્યાનો ભારપૂર્વક ઉલ્લેખ કર્યો છે. મોહનદાસને કરમચંદ અને માતા પૂતળીબાઈની કેવા પ્રકારની હૂંફ હશે તે વિષેની નોંધ નથી. ગાંધીજીએ કસ્તુરબાની સાથેના વ્યવહારની વિગત આપવામાં સંકોચ નથી અનુભવ્યો, પણ નહેરુએ કમલાના સ્વાસ્થ્ય વિષેનો સામાન્ય ઉલ્લેખ કર્યો છે. બંને વચ્ચેના સુમેળની કોઈ રસપ્રદ વિગત આપી નથી. ગાંધીજીના જીવનમાં 'હરિશ્ચંદ્ર' નાટક અને 'શ્રવણની પિતૃભક્તિ' માતાપિતાની સેવા કરવાની પ્રેરણા મળેલી. એ પ્રકારનો થોડો ઉલ્લેખ નહેરુ અને એમના પિતાશ્રી મોતીલાલ જેલમાં સાથે હતા, ત્યારે જે પ્રકારની પિતાની સંભાળ લીધી એ વિષે નોંધ છે. ગાંધીજીને એમના મુંબઈ નિવાસ દરમિયાન રાયચંદભાઈ જેવા ધર્મપરાયણ અને તત્ત્વજ્ઞાનીના સંપર્કની વાત છે. નહેરુને મુબારકઅલી મુનશી અને બ્રુક્સે જે શીખ આપી, વાચનનો શોખ કેળવ્યાની વાત છે. ગાંધીજીને જે મહાનુભાવો પરિચય થયો એમાં મુખ્યત્વે નારાયણ હેમચંદ્ર, રાયચંદભાઈ, બાલાસુંદરમ્, ગોખલે, અબ્દુલ્લા શેઠ એ રીતે નહેરુએ પણ મુબારકઅલી મુનશી, બ્રુક્સ, કપુરથલાના પ્રિન્સ પરમજીતસિંગ, શ્રીનિવાસ શાસ્ત્રી, 'અમૃતબજાર પત્રિકા'ના તંત્રી મોતીલાલ ઘોષ, સાહિત્યકાર ધનગોપાલ મુકર્જી, શ્રી પિલ્લે, રેકે બુકમેન અને કૅપ્ટન માર્ટીન (યરવડા જેલના સુપ્રિન્ટેન્ડન્ટ) વિષે વાત કરી છે.

**ગાંધીજીની વિનોદવૃત્તિઃ** ગાંધીજીનું જીવન ઘણા જ દેશના જવાબદારીવાળા કાર્યમાં સતત ગૂંથાયેલું હતું. આમ છતાં એ કાર્યભારને વિનોદી સ્વભાવને લીધે સહજ રીતે હળવો કરી શકતા. મહાદેવભાઈની ડાયરીમાં ગાંધીજીના વિનોદ-પ્રસંગો છે. એ પ્રમાણે 'સત્યના પ્રયોગો'માં પણ તેમના વિનોદી સ્વભાવનો પરિચય થાય છે. એમના હાસ્યરસમાં ક્યારે કોઈને ઉતારી પાડવા માટેનો ડંખીલો કટાક્ષ નહોતો. હકીકતમાં તેમનો વિનોદ પરસ્મૈપદી કરતાં આત્મનેપદી વિશેષ છે.

લંડનમાં અભ્યાસ કરતાં પણ એમને ફ્રાંસની મુલાકાત લેવાની ઇચ્છા થઈ અને એ માટેની પૂર્વતૈયારી કરવાનો પ્રયત્ન કરતાં કહે છે :

'સભ્યપુરુષને છટાદાર ભાષણ કરતાં આવડવું જોઈએ. મેં નાચ શીખી લેવાનો નિશ્ચય કર્યો. એક વર્ગમાં જોડાયો. એક સત્રના ત્રણેક પાઉંડ ભર્યા. ત્રણેક અઠવાડિયાંમાં છએક પાઠ લીધા હશે. બરોબર તાલસર પગ ન પડે. પિયાનો વાગે પણ તે શું કહી રહેલ છે તે ખબર ન પડે.' એક, બે, ત્રણ' ચાલે પણ તેની વચ્ચેનું અંતર તો પેલું વાજું જ બતાવે, તે કંઈ ગમ ન પડે ત્યારે હવે ! આ અનુભવનું યથાર્થ વર્ણન કરવા ગાંધીજી પેલો ખૂબ જ પ્રાચીન જાણીતો ટૂચકો કહે છેઃ 'હવે તો બાવાજીની બિલાડીવાળું થયું. ઉંદરને દૂર રાખવા સારુ બિલાડી, બિલાડી સારુ ગાય એમ બાવાજીનો પરિવાર વધ્યો તેમ મારો લોભ પણ વધ્યો.'

નહેરુ એમની આત્મકથામાં કહે છેઃ 'મારામાં વિનોદશક્તિ ન હોત, તો હું આપઘાત કરીને મરી ગયો હોત.'

ખેર ! 'આત્મકથા' કલાકૃતિ જેમ વધારે ઉચ્ચ અને વધારે સૂક્ષ્મ તેમ એના અધિકારી સહૃદયો પ્રમાણમાં ઓછા પણ હોય, પણ અધિકારીઓની સંખ્યા પરથી કોઈ કલાકૃતિની સફળતાનો નિર્ણય કરવો વાજબી નથી. લોકપ્રિયતાની દૃષ્ટિએ જ જોઈએ તો કદાચ 'સત્યના પ્રયોગો' માંગ વિશ્વમાં રહી છે એટલી 'મારી જીવનકથા'ની માંગ ન પણ હોય. પણ નહેરુની શૈલી કોઈ એક સારા અંગ્રેજ લેખકની કક્ષામાં અચૂક મૂકી શકાય, એવી 'પોએટીક' છે. ગાંધીજી કરતાં શાહી વાતાવરણમાં ઉછરેલા નહેરુ અને એમના કુટુંબના સભ્યોએ બ્રિટિશરોના રાજ્યમાં અકથ્ય એવી યાતના વર્ષો સુધી ભોગવેલી. આ રીતે 'સત્યના પ્રયોગો' અને 'મારી જીવનકથા' એક સિક્કાની બે બાજુ છે. એક સિક્કાની બંને બાજુનો ચળકાટ સરખો નથી હોતો.


Reference Works:

(1) Lionel Trilling : Sincerity and Authenticity
(London: Oxford Univ.)

(2) Mahatma Gandhi : Jawaharlal Nehru,
Signet Press, Calcutta-20 (1949)

(3) Mahatma Gandhi as Germans See Him.
Edited by HELMO RAU
(Gandhi Centenary Year 1969)
Shakuntla Publishing House, Bombay

(4) Jawaharlal Nehru (A Biography)
By Frank Moraes
Jaico Publishing House, Bombay

(5) **મારી જીવનકથાઃ** અનુ.મહાદેવ હરિભાઈ દેસાઈ
(નવજીવન ત્રીજી આવૃત્તિ, 1947)

GANDHI
(His Life and Message for the World)
BY Louis Fisher (Signet Key Book) January, 1954



## ફૉર્મ નં.૪

| | | |
|---|---|---|
| ૧. પ્રકાશન સ્થળ | : | 'પ્રકાશ', નવરંગપુરા પો.ઑ. પાછળ, અમદાવાદ- ૩૮૦૦૦૯ |
| ૨. પ્રકાશન તારીખ | : | પાક્ષિક - દર માસની પહેલી તથા સોળમી |
| ૩. મુદ્રકનું નામ | : | શાર્દૂલ પ્રિન્ટિંગ પ્રેસ, રંભા કોમ્પ્લેક્સ, વિદ્યાપીઠ સામે, આશ્રમ રોડ, અમદાવાદ- ૩૮૦૦૧૪. ફોન : ૨૭૫૪૧૩૦૬ |
| ૪. પ્રકાશકનું નામ | : | પ્રકાશ ન. શાહ, રાષ્ટ્રીયતા : ભારતીય |
| ૫. તંત્રીનું નામ | : | પ્રકાશ ન. શાહ, રાષ્ટ્રીયતા : ભારતીય |
| સરનામું | : | 'પ્રકાશ', નવરંગપુરા પો.ઑ. પાછળ, અમદાવાદ- ૩૮૦૦૦૯ |
| ૬. માલિક | : | નિરીક્ષક ફાઉન્ડેશન, 'પ્રકાશ', નવરંગપુરા પો.ઑ. પાછળ, અમદાવાદ- ૩૮૦૦૦૯ |

હું, પ્રકાશ ન. શાહ આથી જાહેર કરું છું કે ઉપર જણાવેલી બાબતો મારી જાણ અને સમજ મુજબ સાચી છે.

**પ્રકાશ ન. શાહ**

# ૨૦૧૯માં ગુજરાતમાં કોમી હિંસા / હિરેન ગાંધી

એક તરફ 'કોરોના મહામારી' સામેનું દ્વંદ્વ અને બીજી તરફ દેશની રાજધાનીને ચોતરફથી ઘેરીને ત્રણ નવા કૃષિ કાનૂનોના વિરોધમાં દેશના કિસાનોના આંદોલનનો વાસંતી વાયરો. આવા સમયમાં છેલ્લા ચાર દાયકાથી ગુજરાતમાં ધમધમતી સામાજિક-સાંસ્કૃતિક ફાસીવાદની પ્રયોગશાળા વિશે વાત કરવી કેટલી જરૂરી છે ? અલબત્ત જરૂરી છે. કેમ કે એનાં પરિણામો આજે દેશભરમાં પડઘાવા માંડ્યાં છે. એનું બીજું અત્યંત મહત્ત્વપૂર્ણ કારણ એ પણ છે કે, ગુજરાતમાંની એ પ્રયોગશાળા બંધ નથી થઈ ગઈ. દેશભરની રાજનીતિ ઉપર પોતાની સત્તા અને વર્ચસ્વની સ્થાપના કર્યા પછી પણ એ પોતાની સત્તાને હંમેશ માટે એકચક્રી બનાવવાની યોજનાઓ ઘડવાના અવિરત પ્રયાસો ચાલુ રાખવા માંગે છે.

'બુનિયાદ'. ગુજરાતનું ભાંખોડિયા ભરતું નાનકડું સ્વૈચ્છિક સંગઠન. ગુજરાતનો નાગરિક સમાજ પણ એનાથી હજુ ખાસ પરિચિત નથી. હા, એનું નેતૃત્વ કરનાર યુવા સાથીઓને એ જરૂર ઓળખે છે, કેમ કે લગભગ ૨૦૦૨માં સર્જવામાં આવેલા 'ગુજરાત જનસંહાર' ના સમયથી એ સાથીઓ કોમી એક્તા, ન્યાય, શાંતિ અને પ્રજાતંત્રની પુનઃસ્થાપનાના ઉદ્દેશ્યોને પોતાનું જીવન સમર્પિત કરી ચૂક્યા છે. આ જ ઉદ્દેશ્યોને માટે છેલ્લા ત્રણેક વર્ષથી એમણે આ સંગઠન સક્રિય કર્યું છે. સાથે સાથે 'અલ્પસંખ્યક અધિકાર મંચ' નામનું એક અનૌપચારિક ખુલ્લું પ્લેટફોર્મ પણ કાર્યરત કર્યું છે. ગુજરાતમાં ક્યાંય પણ સાંપ્રદાયિક હિંસાની કોઈ ઘટનાની ખબર મળે તો એકઠી કરે છે, એનો અભ્યાસ અને વિશ્લેષણ કરે છે તથા શક્ય હોય તો એક સમિતિ બનાવી એ ઘટનાનું 'ફેક્ટ ફાઈન્ડિંગ'(તથ્યોની શોધ) કરીને એ વિશે અહેવાલ અને વિશ્લેષણ તૈયાર કરે છે. છેલ્લાં બે વર્ષથી તેઓ ગુજરાતમાં બનતી સાંપ્રદાયિક હિંસાની ઘટનાઓ વિશે સવિસ્તર વાર્ષિક અહેવાલ પણ તૈયાર કરે છે. 'કોરોનાની મહામારી' અને સંસાધનોની મર્યાદાના કારણે ૨૦૧૯ દરમિયાન ગુજરાતમાં થયેલ સાંપ્રદાયિક હિંસાની કેટલીક ઘટનાઓ વિશેનો ખૂબ જ નોંધપાત્ર અહેવાલ તેમણે ૨૦૨૦ના ડિસેમ્બર અંતમાં પ્રકાશિત કર્યો. એ અહેવાલ ગુજરાત અને દેશભરના નાગરિક સમાજની આંખ ઉઘાડનારો છે અને સંવેદનશીલ આમ જનતાને ચોંકાવનારો છે, કેમ કે ૨૦૦૨ પછી આજ સુધી ગુજરાત 'શાંત' છે,'વિકાસ'ની હરણફાળ ભરીને દેશના અન્ય રાજ્યો માટે 'વિકસિત રાજ્ય'નું મોડેલ બની ચૂક્યું છે એવો પ્રચાર દેશભરના રાજકારણીઓ ઢોલ પીટી પીટીને કરી રહ્યાં છે.

આ ચિંતાજનક પરિદ્રશ્યની વચ્ચે 'બુનિયાદ'નો ગુજરાતમાં કૌમી હિંસા વિશેનો ૨૦૧૯નો અહેવાલ શાંત પાણીમાં પથરાની જેમ પડે છે. શીર્ષક છે 'પીસફુલ ગુજરાતઃ ઍન ઇલ્યુઝન ઑર ટ્રુથ?' ('શાંત ગુજરાતઃ ભ્રમણા કે સચ્ચાઈ?').

અહેવાલની શરૂઆત ગુજરાતમાં સાંપ્રદાયિક હિંસા વિશેની કેટલીક પાયાગત માહિતીથી થાય છે. તેમાં ૨૦૧૯ની ઘટનાઓ અને ૨૦૧૮ની એવી ઘટનાઓના મહત્વપૂર્ણ આંકડા રજૂ કરાયા છે. એ આંકડાઓનો એન.સી.આર.બી (નેશનલ ક્રાઇમ રિપોર્ટ્સ બ્યૂરો)માં રજૂ થયેલ એ પ્રકારના ગુજરાતનાં આંકડાઓ સાથેનો તુલનાત્મક અભ્યાસ સ્પષ્ટ કરાયો છે. સંસ્થાની અભ્યાસ પદ્ધતિ તથા તેની મર્યાદિત પહોંચ અંગેની સ્પષ્ટતા કરાઇ છે. અહેવાલમાં જેની વિગતે ચર્ચા કરાઇ છે એવા સાંપ્રદાયિક હિંસાના બે મુખ્ય સ્વરૂપો – રમખાણ અને ભીડ દ્વારા હુમલો (મૉબ લિંચિંગ) ની વ્યાખ્યાઓ અને સમજૂતી રજૂ કરાઇ છે. આ ઉપરાંત એમાં આ પ્રકારની હિંસા પાછળનાં તત્કાળ કારણોની યાદી બનાવાઇ છે. તેમજ માહિતી એકત્રીકરણ માટેનાં તેમનાં સંસાધનો અને પદ્ધતિની વાત કરી છે. મુખ્યધારાનાં બે અંગ્રેજી અખબારોમાં પ્રકાશિત થયેલ ખબરો ઉપરાંત કેટલાંક સ્થળે 'તથ્ય તપાસ સમિતિ' બનાવી પ્રત્યક્ષ રીતે પણ માહિતી એકઠી કરી છે. અલબત્ત એક દ્રષ્ટિએ આ અહેવાલ 'સંશોધન અહેવાલ' (રિસર્ચ પેપર) જેટલી ઝીણવટભરી અને તમામ માહિતીઓને નથી સમાવતો, પરંતુ એ પ્રતીકાત્મક અને ગુજરાતમાં સાંપ્રદાયિક હિંસાનાં વ્યાપક પરિદ્રશ્યનો ઘણો ઉપયોગી અંદાજ જરૂર આપે છે.

અહીં ૨૦૧૯માં ગુજરાતમાં 'કોમી હિંસા' માં કુલ છ બનાવોની છણાવટ કરાઇ છે. તેમજ બે 'મૉબ લિંચિંગ' ની ઘટનાઓ સમાવાઇ છે. એન.સી.આર.બી. નાં આંકડા જોઈએ તો કુલ ૩૯ સાંપ્રદાયિક રમખાણો ગુજરાતમાં ૨૦૧૮માં નોંધાયા છે. જોકે ૨૦૧૯માં 'કોમી હિંસા' કે 'મૉબ લિંચિંગ' નાં આંકડા રજૂ નથી કરાયાં. ૨૦૧૮ના આ સંદર્ભના આંકડાઓ ઉપર નજર કરીએ- સાંપ્રદાયિક રમખાણો 'બુનિયાદ'ની નોંધ પ્રમાણે કુલ ૧૩ છે, અને 'મોબ લિંચીંગ'ની ઘટનાઓ કુલ ૫ છે, જયારે એન.સી.આર.બી. ના અહેવાલ પ્રમાણે રમખાણો ૩૯ છે,'મૉબ લિંચિંગ' કુલ ૪ છે. અહેવાલમાં જણાવ્યા મુજબ એન.સી.આર.બી. પોલીસ સ્ટેશનો તથા ક્રિમિનલ જસ્ટીસ સિસ્ટમ આંકડા દ્વારા એકઠા કરે છે. એ 'મૉબ લિંચિંગ' ના આંકડા અલગથી નથી એકત્રિત કરતું. 'બુનિયાદ' ની નોંધ પ્રમાણે ૨૦૧૯માં કુલ ૧૬ વ્યક્તિ ઇજાગ્રસ્ત થયેલ અને ૨૦૧૮માં ૩૩વ્યક્તિઓ ઇજાગ્રસ્ત થઈ હતી. જ્યારે 'એન.સી.આર.બી.' પ્રમાણે ૨૦૧૮માં ૫૯ વ્યક્તિ ઇજાગ્રસ્ત થયેલ. તેમજ ૨૦૧૮માં ૩ વ્યક્તિઓ એ જીવ ગુમાવ્યો અને ૨૦૧૯માં એક પણ વ્યક્તિનું મૃત્યુ નોંધાયું નથી.

'બુનિયાદ'ના ગુજરાતમાં સાંપ્રદાયિક હિંસા સંદર્ભે પ્રકાશિત થયેલ અહેવાલમાં રજૂ થયેલ ઘટનાઓ ઉપર એક નજર નાંખીએ તો –

**૧) ખંભાતઃ**

અહીં ૨૨ ફેબ્રુઆરી, ૨૦૧૯ના દિવસે ત્રણ દરવાજા વિસ્તારમાં હિન્દુ-મુસ્લિમ સમુદાયો વચ્ચે એક રાષ્ટ્રીય મુદ્દાને લઈને સોશ્યલ મીડિયા ઉપર થયેલ વાદ-વિવાદના કારણે રમખાણ થયું હતું. મુદ્દો હતો- એ જ માસમાં કાશ્મીરના પુલવામા ખાતે ભારતીય જવાનો ઉપર થયેલ આતંકવાદી હુમલો. આ ઘટના ઉપરથી બે મહત્વપૂર્ણ તારણો સ્પષ્ટ થાય છે.

(અ) સોશ્યલ મીડિયા સાંપ્રદાયિક તણાવ – તોફાનો વધારવા માટે એક નોંધપાત્ર સાધન બની શકે છે. અને તેનો એ પ્રકારનો ઉપયોગ છેલ્લાં થોડાં વર્ષોમાં સતત વધી રહ્યો છે.

(બ) રાષ્ટ્રીય સ્તરના મુદ્દા અને નફરતભરેલ સંદેશાઓ સ્થાનિક તંગદિલીમાં અંગારાનું કામ કરે છે.

આ પ્રસંગ પછીના બે જ દિવસમાં ત્યાં બે અલગ અલગ કોમનાં નાનાં બાળકો વચ્ચે ઝઘડો થયો અને એમાંથી હુલ્લડ ફાટી નીકળ્યું. થોડાં વર્ષ અગાઉથી ખંભાત ઉપર નજર નાખીએ તો સાંપ્રદાયિકતાના સંદર્ભે એ અત્યંત સંવેદનશીલ પુરવાર થતું રહ્યું છે.

- ૨૦૧૨માં વકફ બોર્ડની જમીનો ઉપર દુકાનો બાંધવાના મુદ્દે ચુનારા (દલિત) અને મુસ્લિમો વચ્ચે રમખાણો થયાં હતાં અને પાંચ ઘરોને એસીડ બલ્બ્સ, પેટ્રોલ બૉબ વડે ખેદાન-મેદાન કરી નંખાયાં હતાં.

● ૨૦૧૬માં પીઠ બજાર નામના વિસ્તારમાં બાઇક અને ટેમ્પો વચ્ચે અકસ્માત થતાં બે કોમો સામસામે આવી ગઈ હતી. એમાંથી થયેલાં હુલ્લડો કેટલાંક વિસ્તારોમાં પ્રસર્યાં હતાં તેમજ કેટલાંક ઘરો ઉપર પણ હુમલા થયા હતા. તથા એક મંદિર,મસ્જિદ અને દરગાહને પણ આગ ચંપાઈ હતી. ૨૦૧૭-૧૮માં પણ કેટલીક છૂટીછવાઈ ઘટનાઓ ત્યાં નોંધાઈ હતી.

૨) **કોટડા ગડી** (સાબરકાંઠા જિલ્લો)

ગામમાં એક આદિવાસી કિશોરી અને મુસ્લિમ યુવક લાંબા સમયના પ્રેમસંબંધને કારણે ગામ છોડીને ભાગી ગયેલ. સમય જતાં તેઓ ગામમાં પરત આવેલ. આ કારણે બંને સમુદાયો વચ્ચે 'સમાધાન' કરાવાયું હતું. શરતો મુજબ યુવક ફરી કદી ગામમાં પ્રવેશી ના શકે અને એના પરિવારે કિશોરીના પરિવારને રૂપિયા ૩૫૦૦૦ ચૂકવવાના હતા. થોડા દિવસ પછી ફરીથી કિશોરી અને એ જ યુવક ફરાર થઈ ગયાં. પરિણામે આદિવાસી સમુદાયે ગામનાં મુસ્લિમ સમુદાય ઉપર હુમલો કર્યો અને બાર મુસ્લિમ પરિવારોએ હંમેશ માટે ગામ છોડીને ચાલ્યા જવું પડ્યું.

૩) **ધૂનાદ્રા** (ઠાસરા જિલ્લો): અહીં રમખાણ એક બિન-હિન્દુ યુવતીની જાનના કારણે થયું હતું. જાન બેન્ડ-વાજાં વગાડતી અને ફટાકડા ફોડતી હતી. એ જ્યારે એક મસ્જિદ પાસે પહોંચી ત્યારે ત્યાંના સ્થાનિક રહીશોએ બેન્ડવાજાં ના વગાડવાની અને ફટાકડાં ના ફોડવાની વિનંતી કરી. આ કારણે ત્યાં બંને સમુદાયો વચ્ચે હિંસા ફાટી નીકળી.

૪) **નાંદોલિયા** (તાલુકો – કડી): ઉત્તરાયણ દરમિયાન અહીં એક મુસ્લિમ યુવાને ભરવાડ યુવાનની પતંગ કાપી. એમાંથી ઝઘડો શરૂ થયો. મુસ્લિમ યુવક ઉપર ગાળાગાળી કરવાનો આક્ષેપ મૂકાયો. ઝઘડો વધ્યો ગામમાં વાતાવરણ તંગ થઈ ગયું. ગામના આગેવાનોએ મુસ્લિમ યુવકને ગામની બહાર કાઢી મૂક્યો. થોડા સમય પછી એ ગામમાં પાછો આવ્યો અને ભરવાડ યુવક સાથે ઝઘડવા માંડ્યો. પરિણામે ભરવાડ યુવકોએ ભેગા મળી ત્યાંના મુસ્લિમ રહીશો ઉપર હુમલો કર્યો અને એમનાં ઘરોમાં તોડફોડ કરી. પરિણામે ૩૫ મુસ્લિમ પરિવારો ગામ છોડી અન્યત્ર ચાલ્યા ગયાં.

૫) **મોટી ખાવડી** (જિ. જામનગર): અહીં પાંત્રીસેક વર્ષની માનસિક રીતે અસ્થિર વ્યક્તિ ઉપર સાત જણાનાં ટોળાએ ચોરીનો આક્ષેપ મૂકી લાકડાં અને પ્લાસ્ટીકની લાઠીઓ વડે માર મારતાં મારતાં એને સ્થળ ઉપર જ મોતને ઘાટ ઉતારી દીધો હતો.

૬) **શાહીબાગ** (અમદાવાદ): મહેશ પરમાર નામના અઢાર વર્ષના એક દલિત ઉપર ચોરીનો આરોપ મૂકી ટોળાએ એને ઘાયલ કર્યો હતો. પોલીસે તેને સિવિલ હોસ્પિટલમાં પ્રાથમિક સારવાર અપાવી જેલમાં પૂર્યો હતો. એની ખૂબ વિનવણીઓ પછી પોલીસે એને સિવિલમાં દાખલ કરાવ્યો હતો. મામલામાં કોઈના ઉપર ગુનો નોંધાયો નહોતો.

૭) **એમ.એસ. યુનિવર્સિટી** (વડોદરા): આ યુનિવર્સિટીના કેમ્પસમાં એક સ્ટુડન્ટ યુનિયન 'એન્ટી રેગીંગ (મહિલાઓની છેડછાડના વિરોધમાં) આંદોલન કરી રહ્યું હતું ત્યારે એ આંદોલનને યુવતીઓને આકર્ષવાનો મુદ્દો બનાવી એને 'લવ જેહાદ' માં ખપાવી કેટલાંક હિન્દુ વિદ્યાર્થીઓએ પ્રચારિત કરવા માંડ્યો, કેમ કે આંદોલન કરનાર યુનિયનનાં ઘણાંબધાં વિદ્યાર્થીઓ મુસ્લિમ હતાં. મામલો બીચક્યો. પરસ્પર અથડામણો થઈ. અને છેવટે આઠ મુસ્લિમ વિદ્યાર્થીઓ સામે પોલીસે એફ.આઈ.આર દાખલ કરી.

૮) **ધોળકા:** અયોધ્યાની બાબરી મસ્જિદ અને રામ જન્મ સ્થળ નિમિત્તે લાંબા સમયથી ચાલતા કેસનો ચુકાદો સુપ્રીમ કોર્ટે જાહેર કર્યો. એના અનુસંધાને અમદાવાદ જિલ્લાના ધોળકામાં ૧૩૬૧ની સાલમાં બંધાયેલી ટાંકા મસ્જિદ સંદર્ભે કેટલાંક અસામાજિક તત્ત્વોએ એક જબરદસ્ત વિવાદ ઉભો કર્યો. એમણે સોશ્યલ મીડિયાનાં માધ્યમથી એવી અફવા ફેલાવવા માંડી કે આ મસ્જિદની જગ્યાએ એક મંદિર હતું અને તેને તોડી પાડીને મસ્જિદ બનાવાઇ છે. એ તત્ત્વો ૨૯ અને ૩૦ ઑગસ્ટ દરમિયાન મસ્જિદમાં ઘૂસી પણ ગયાં. છેવટે નાગરિક સમાજની એક સંસ્થાના હસ્તક્ષેપને કારણે પોલીસે મસ્જિદને રક્ષણ પૂરું પાડ્યું. સ્થાનિક વિશ્વ હિન્દુ પરિષદે શાસનકર્તાઓને એક મેમોરેન્ડમ આપ્યું અને દાવો કર્યો કે આ મસ્જિદના સ્થળે અગાઉ 'ભીમનું રસોડું' હતું અને 'પાંડવોની શાળા' હતી.

૯) **શેહરા** (જિ. પંચમહાલ): અહીંની એક હિન્દુ યુવતી તેની માતાની સારવાર માટે માતા-પિતા સાથે અમદાવાદ ગઈ હતી અને ગુમ થયેલ.એને 'લવ જેહાદ'નો ભોગ બનેલ યુવતી બનાવી કેટલાંક હિન્દુ સંગઠનોએ 'હિન્દુ સમાજ'ના બૅનર નીચે એને શોધી લાવવાની હાકલ કરતી અને હિન્દુ સમુદાયને ઉશ્કેરણી કરતી એક રેલી કાઢી હતી તેમજ 'બંધ' નું એલાન પણ આપ્યું હતું.

**૧૦) મહેસાણા :** એક કૉલેજમાં અભ્યાસ કરતા એક મુસ્લિમ યુવાન અને હિન્દુ યુવતી વચ્ચે પ્રેમસંબંધ હોવાને લઈને 'વિશ્વ હિન્દુ પરિષદનો' એક યુવા કાર્યકર ધમકીઓ આપતો હતો. એ અરસામાં અન્ય કોઈ ઝઘડાના કારણે કોઈએ એ કાર્યકરને માર્યો. માર ખાધેલ યુવકે સોશ્યલ મીડિયા અને અખબારો, ઈલેક્ટ્રોનિક મીડિયા ઉપર એવો પ્રચાર ફેલાવ્યો કે હિન્દુ યુવતી 'લવ જેહાદ' નો ભોગ બની છે. માધ્યમોએ એ પ્રચાર કરનારને 'હીરો' ગણાવવા માંડ્યો. સ્થાનિક વાતાવરણ આ ઘટનાથી ખાસ્સું તંગ થઈ ગયું. છેવટે પોલીસે એને વ્યક્તિગત ઝઘડાનો મુદ્દો જાહેર કરી મામલો થાળે પાડ્યો.

૨૦૧૯ દરમિયાન ગુજરાતમાં બનેલ કોમી હિંસા અંગેની આ માહિતી ઉપર નજર નાંખતાં જ આપણને ખ્યાલ આવે છે કે. 'શાંત' ગુજરાતની જાહેરાતો કેટલી પોકળ અને ગેરમાર્ગે દોરનારી છે!

**સોશ્યલ મીડિયાની ભૂમિકાઃ** આજના સમયમાં સોશ્યલ મીડિયા પ્રચાર માટેનું એક હાથવગું સાધન બની ચૂક્યું છે. જનતાની માનસિકતા ઘડવાની એની તાકાત મુખ્યધારાનાં સંચાર માધ્યમો જેટલી જ પ્રભાવશાળી બની ગઈ છે. ઉપર નોંધેલ મોટાભાગની ઘટનાઓ માટે ઘણેઅંશે સોશ્યલ મીડિયા જવાબદાર રહ્યું છે. ધોળકાની ટાંકા મસ્જિદનો વિવાદ હોય કે મહેસાણાનો 'લવ જેહાદ' નો વિવાદ હોય. ભ્રામક અને ગેરમાર્ગે દોરનારી 'માહિતી' વાયુવેગે આમજનતા સુધી પહોંચી જાય છે. વાતાવરણ પળવારમાં ઉશ્કેરાટભર્યું તથા હિંસક બની જાય છે. આજનો શાસક પક્ષ અને એની જનેતા સમાન સંગઠન દ્વારા અસ્તિત્વમાં આવતાં સંગઠનો, સંસ્થાઓ અને જૂથો એનો ઉપયોગ બખૂબી જાણે છે. માત્ર સોશ્યલ મીડિયા જ નહીં લગભગ તમામ પ્રકારનાં સંચાર માધ્યમો ઉપર એમણે કબ્જો જમાવી દીધો છે.

**વર્ચસ્વવાદી સંગઠનોઃ** ગુજરાતને તો ગઈ સદીના આઠમા દાયકથી આ સંગઠનો પોતાની સાંપ્રદાયિક ફાસીવાદની પ્રયોગશાળા બનાવી ચૂક્યાં છે. છેલ્લાં અઢી દાયકાથી તો રાજકીય સત્તાની ધુરી પણ એમની જ રાજકીય પાર્ટી - બીજેપીના હાથમાં રહી છે. અહીંના એમના પ્રયોગોને કારણે આજે છેલ્લાં છ વર્ષથી દેશની સત્તા પણ તેઓ ભોગવી રહ્યાં છે. દેશભરમાં આજે તેઓ સાંપ્રદાયિક ફાસીવાદના જે પ્રયોગો અજમાવી રહ્યાં છે એ તમામ ગુજરાતની પ્રયોગશાળામાં સફળ પુરવાર થઈ ચૂકેલા પ્રયોગો છે. ગુજરાતમાં થયેલી ૨૦૧૯ની કૌમી હિંસાના સંદર્ભમાં જોઈએ તો શહેરામાં

બનેલા કાલ્પનિક 'લવ જેહાદ'નો પ્રસંગ હોય કે ધોળકાની ટાંકા મસ્જિદનો પ્રસંગ હોય, સાબરકાંઠાના કોટડા ગડી ગામમાં ઉભી કરાયેલ 'લવ જેહાદ'ની ઘટના હોય કે મહેસાણાની કૉલેજની ઘટના — આ તમામ હિંસા આ સંગઠનોએ જ સાકાર કરેલી છે.

**પોલીસની ભૂમિકાઃ** કોમી હિંસાના પ્રસંગોમાં પોલીસની ભૂમિકા મોટેભાગે ભેદભાવપૂર્ણ રહી છે. અને મુસ્લિમ સમુદાય એનો ભોગ બનતો રહ્યો છે. એ સમુદાય એક તરફથી જાન-માલનું નુકસાન ભોગવતો રહે છે તો બીજી તરફ પોલીસ એને અપરાધી ઠરાવી જેલોમાં ધકેલતી રહી છે. અગાઉ નોંધેલા ત્રણ કિસ્સામાં (વડોદરા, ખંભાત અને ધુનાદ્રામાં) પોલીસે કુલ ૮૫ ધરપકડો કરી હતી. તેમાંથી ૬૩ મુસ્લિમોની હતી. વળી ગુનો નોંધાયા પછી ન્યાય મેળવવો પણ એ સમુદાય માટે ખૂબ જ મુશ્કેલ બની રહે છે. પરિણામે એ સમુદાયે નાછૂટકે 'સમાધાનો' કરાવવાં પડે છે.

આ અહેવાલમાં નોંધાયેલ એક કિસ્સો તો ચોંકાવનારો છે. અમરેલી જિલ્લાના ધારી તાલુકાના સેમરડી ગામમાં રહેતા એક મુસ્લિમ બૂટલેગરને ધારીના પોલીસ સાથે કોઈક બાબતે ઝઘડો થયો હતો. અને પોલીસે તેની અને તેના પિતાની ધરપકડ કરી હતી. બીજે દિવસે ધારીના પોલીસે અમરેલીના બીજા પોલીસદળો અને જંગલ ખાતાના કર્મચારીઓને સાથે લઈ સેમરડી ગામમાં રહેતાં બલોચ-મુસ્લિમોના ઘરોમાં ખાસ્સી તોડફોડ કરી અને સ્ત્રીઓ, બાળકો અને પુરુષોને ધક્કે ચડાવ્યા હતા. હજુ આટલું ઓછું હોય તેમ પશ્ચિમ ગુજરાતના વીજળી વિભાગને સાધી મુસલમાનોના વિસ્તારમાં બે દિવસ સુધી વીજળી ગુલ કરી દીધી હતી. આ ઘટનાથી મુસ્લિમો એટલા ડરી ગયા હતા કે તેઓ ગામ છોડીને એમનાં સગાં-સંબંધીઓના ત્યાં આશ્રય લેવા જતાં રહ્યાં હતાં.

ગુજરાતની પોલીસની માનસિકતા અને વર્તણૂકને સમજવા આ ઉદાહરણ પૂરતું છે.

**રાજ્યની ભૂમિકાઃ** ગુજરાતને સાંપ્રદાયિક ફાસીવાદની સફળ પ્રયોગશાળા તરીકે વિકસાવવામાં રાજ્યની ભૂમિકા સૌથી નોંધપાત્ર રહી છે. છેલ્લાં સાડા ત્રણ દાયકાથી કોમી હિંસાને બેલગામ બનાવવામાં રાજ્ય એક રીતે સીધું સંડોવાયેલું રહ્યું છે. ૨૦૦૪માં ગુજરાતના તત્કાલીન મુખ્યપ્રધાને (હાલમાં દેશના વડાપ્રધાને) 'ગુજરાત કંટ્રોલ ઓફ ઓર્ગેનાઈઝ્ડ ક્રાઇમ' (ગુજકોક) નામના કાનૂનનો મુસદ્દો તૈયાર કર્યો હતો, પરંતુ રાષ્ટ્રપતિએ એના ઉપર મંજૂરીની મહોર મારી નહીં. ત્રણવાર સરકારે એ માટે પ્રયાસો કર્યા, પરંતુ એ સફળ ના થઈ. એ પછી ૨૦૧૫માં ગુજરાત સરકારે એ જ વિધેયકને નામ બદલીને 'ગુજટોક'ના નામે ફરીથી રજૂ કર્યું. એમાં એક નવી જોગવાઈ ઉમેરવામાં આવી હતી. એ જોગવાઈ મુજબ પોલીસ કોઈપણ વ્યક્તિનો ફોન ટેપ કરીને, એમાંની વાતચીત અદાલતમાં પુરાવા તરીકે રજૂ કરી શકે. આખરે ૨૦૧૯માં આ કાયદાને મંજૂરી મળી ગયેલ છે.

એ જ રીતે ૨૦૧૯ના ડિસેમ્બર મહિનામાં તત્કાલીન ગૃહખાતાના રાજ્યપ્રધાને વિધાનસભામાં 'ડિસ્ટર્બ્ડ એરિયા એક્ટ' (ડીએ) રજૂ કરી મંજૂર કરાવ્યો હતો. આ કાયદા મુજબ સરકાર જેને 'ડિસ્ટર્બ્ડ એરિયા' જાહેર કરે ત્યાં માલ-મિલકત, મકાન/દુકાનની લેવડ-દેવડની બાબતો જિલ્લા કલેક્ટરની મંજૂરી મેળવ્યા પછી જ થઈ શકે. હાલમાં આ કાયદા મુજબ અમદાવાદ, વડોદરા, સુરત, હિંમતનગર, ગોધરા, કપડવંજ અને ભરુચમાં કુલ ૭૭૦ વિસ્તારોને આવરી લેવાયાં છે. ખંભાતમાં પણ આ કાયદાનો અમલ લાગુ કરવામાં આવ્યો છે. આમાંના મોટાભાગના વિસ્તારો મુખ્યત્વે મુસ્લિમ વસ્તી ધરાવે છે. આ કાયદાના પરિણામે ગુજરાતમાં ધાર્મિક સમુદાયોનું ધ્રુવીકરણ વધુ ઝડપી અને મજબૂત બન્યું છે. સમુદાયો વચ્ચેનું પારસ્પરિક સાંસ્કૃતિક આદાન-પ્રદાન લગભગ નહિવત બનતું જાય છે. અને સૌથી મહત્વની બાબત એ છે કે — આ કાયદાને કારણે સાંપ્રદાયિક તણાવ અને હિંસાની જમીન વધારે ફળદ્રુપ અને ઉપજાઉ બને છે. વળી આ પ્રકારના કાયદા લોકતાંત્રિક માળખાનાં સંસ્થાનોના પાયા પણ હચમચાવી નાંખતા પુરવાર થાય છે.

આ અહેવાલમાં રજૂ થયેલ તારણો વિશે નાગરિક સંગઠનો અને સંવેદનશીલ, બુદ્ધિજીવી નાગરિકોએ ઊંડું મનોમંથન કરવાની ખૂબ જ તાતી જરૂરત છે. આ અહેવાલમાંના આધારે થતા સ્પષ્ટ કેટલાંક અત્યંત વિચારણીય તારણો નીચે મુજબ છે.

૧) ૨૦૦૨ના મુસ્લિમ જનસંહાર પછી ગુજરાતમાં કોમી હિંસા ગ્રામીણ વિસ્તારો તરફ આગળ વધી રહી છે.

૨) કોમી હિંસા અવનવાં સ્વરૂપો ધારણ કરવા માંડી છે.

૩) શહેરોમાં તો પહેલેથી હતું જ, પરંતુ હવે તો નાનાં નગરો અને ગામડાંઓમાં સાંપ્રદાયિક ધ્રુવીકરણ ઝડપથી થવા માંડ્યુ છે.

૪) મુસ્લિમ સમુદાય જબરદસ્ત અસલામતી અને ગૂંગળામણ અનુભવી રહ્યો છે.

૫) ગુજરાતના દલિત અને પછાત ગણાતા સમુદાયો પણ એક તરફથી સાંપ્રદાયિક હિંસાનો હાથો બની રહ્યાં છે બીજી તરફથી એનો ભોગ પણ બની રહ્યાં છે, અને સાથે સાથે હાંસિયાકૃત (માર્જિનલાઇઝ્ડ) પણ થઈ રહ્યાં છે.

૬) માનવઅધિકાર પંચ જેવાં લોકતાંત્રિક સંસ્થાનો લગભગ નિષ્ક્રિય અને સુષુપ્ત બની ચૂક્યાં છે. કેટલાંક સંસ્થાનોને સંપૂર્ણપણે નાબૂદ કરી દેવાયાં છે.

આજના સમયમાં ખૂબ જ મહત્ત્વપૂર્ણ પુરવાર થતો આ દસ્તાવેજ તૈયાર કરવા બદલ 'બુનિયાદ' ને અભિનંદન આપવાની સાથે સાથે હું બે સૂચનો પણ આપવા માંગું છું.

૧) અહેવાલની નકલ ગુજરાતીમાં તૈયાર કરી ગુજરાતભરમાં પહોંચાડવાની જરૂર છે.

૨) આ પ્રવૃત્તિ સતત ચાલુ રાખવી જોઈએ.

★ આ લેખ પૂરો કરતો હતો ત્યારે જ ગુજરાતના વરિષ્ઠ અને નિસબત ધરાવતા પત્રકાર શ્રી રાજીવ શાહ દ્વારા સોશ્યલ મીડિયા ઉપર રજૂ થતી 'કાઉન્ટરવ્યૂ' નામની પત્રિકાનો ૮ ડિસેમ્બરનો અંક મળ્યો. એમાં એમણે આ અહેવાલ વિશે ખૂબ જ મહત્વપૂર્ણ ટિપ્પણી મૂકી છે. 'બુનિયાદ'ના અહેવાલમાં એક નાની નોંધ એ મુજબની છે કે ૨૦૧૪થી ગુજરાતનાં ગ્રામીણ પ્રદેશોમાં કોમી હિંસા અને ધ્રુવીકરણ વધવા માંડ્યાં જ્યારે રાજીવભાઈએ ૨૦૦૪માં સુરતના'સેન્ટર ફૉર સોશ્યલ સ્ટડીઝ' ના સંશોધક બિશ્વરૂપ દાસ અને વડોદરાના 'સેન્ટર ફૉર કલ્ચર એન્ડ ડેવલોપમેન્ટ'ના સ્થાપક ફા. લાન્સી લોબો દ્વારા ૨૦૦૪માં મધ્યગુજરાતનાં ગ્રામીણ વિસ્તારોમાં કરાયેલ પ્રત્યક્ષ ઈંટરવ્યૂઝમાં તેમણે સ્પષ્ટ રીતે નોંધ્યું હતું કે ગામડાનાં સુખી પરિવારોમાં ''કોમવાદ'' વિશેનાં ખ્યાલો તથા વલણો ખાસ્સાં ઊંડે સુધી ઉતરી ગયેલાં હતાં. એમના એ સંશોધન પેપરનું નામ હતું 'જ્યોગ્રાફી ઓફ ગુજરાત રાયટ્સ'.

ફા. લાન્સીએ આપેલ માહિતી મુજબ એ પેપર ૨૦૦૬માં 'કોમ્યુનલ વાયોલન્સ એન્ડ માઈનોરિટી' નામની પુસ્તિકામાં રાવત પ્રકાશને ઉપલબ્ધ કરાવેલ છે.

૯ જાન્યુઆરી,૨૦૨૧

# હાથથી મળસફાઈ કરનારા વધે છે, પુનર્વસનનું બજેટ ઘટે છે ! / ચંદુ મહેરિયા

સંસદ અને રાજ્યોનાં વિધાનગૃહોના અંદાજપત્ર સત્રો ચાલી રહ્યાં છે એટલે પંચાયતથી પાર્લામેન્ટ સુધી બજેટનો માહોલ છે. શહેરી મધ્યમવર્ગને આવકવેરાની મુક્તિમર્યાદા કે શું શું સસ્તું –મોઘું થયું એટલા પૂરતી બજેટમાં દિલચસ્પી હોય છે. વિધાનગૃહોમાં પણ બજેટ પર સાર્થક ચર્ચાઓ બહુ ઓછી થાય છે; કેમકે આર્થિક બાબતો પર ઠોસ ચર્ચા કરી શકે એવા જનપ્રતિનિધિઓની ખોટ છે. બજેટની સૂક્ષ્મ વિગતો ઉજાગર કરી તેનું વિશ્લેષણ કરનારો વર્ગ પણ બહુ સીમિત છે. એટલે જાહેર થયા પૂર્વે અંદાજપત્ર અતિગુપ્ત હોય છે અને પછીથી તે વણચર્ચ્યો આર્થિક દસ્તાવેજ બની રહે છે. આ સંદર્ભે ટ્રાન્સ્પેરન્સી ઈન્ટરનેશનલ ઈન્ડિયા'નો "બજેટ પ્રક્રિયામાં પારદર્શિતા" વિષયક તાજેતરનો અહેવાલ બજેટના ઘડતર અને તેની જાહેર ચર્ચા પર સારો પ્રકાશ પાડે છે. બજેટીય પારદર્શિતાના મુદ્દે કેન્દ્રીય અંદાજપત્ર ૧૦૦માંથી ૭૬ અંક મેળવીને સમગ્ર દેશમાં પ્રથમ ક્રમે છે. પરંતુ રાજ્યોના અંદાજપત્રોની પારદર્શિતા બહુ પાતળી છે. ગુજરાત રાજ્યોના અંદાજપત્રોની પારદર્શિતામાં સત્તરમા ક્રમે છે.

૨૦૨૦-૨૧ના વરસના અંદાજપત્રને હાંસિયાના લોકોના લાભાલાભની રીતે મૂલવીએ તો નિરાશા સાંપડે છે. બહુ પ્રચારિત અને મહત્ત્વાકાંક્ષી સ્વચ્છ ભારત મિશન યોજનાનો બીજો તબક્કો શરૂ થઈ ગયો છે. પણ જેમના માથે દેશ આખાની સ્વચ્છતાની જવાબદારી મરાઈ છે તેવા ગટર કામદારો, સફાઈ કામદારો કે હાથથી મળસફાઈ કરનારાના જીવનમાં ઝાઝો ફેર આણી શકાયો નથી. ભારતની સમાજવ્યવસ્થાની એ બલિહારી છે કે વર્ણબહારના ગણાયેલા દલિતોના માથે સફાઈના ગંદા કે હલકા ગણાતાં કામો કરવાનાં આવ્યાં છે. ચન્દ્ર કે મંગળ મિશનના આયોજક દેશમાં હજુ હાથથી મળસફાઈને સંપૂર્ણ તિલાંજલી અપાઈ નથી. દેશનાં અનેક શહેરો અને જિલ્લા ખુલ્લામાં શૌચથી મુક્ત જાહેર કરાઈ રહ્યાં છે . ઘરેઘરે સંડાસ બનાવાઈ રહ્યાં છે. બીજી તરફ ખુદ સરકાર હાથથી મળસફાઈ કરનારા અને ગટરમાં ઊતરીને સફાઈ કરનારા વધી રહ્યાના આંકડા સંસદમાં આપે છે.

મહારાષ્ટ્રના લોકસભા સભ્ય સુધાકર તુકારામ શિંગારેના અતારાંકિત પ્રશ્ન ક્રમાંક ૫૫, તા.૨-૨-૨૦૨૧ના લેખિત જવાબમાં સામાજિક ન્યાય અને અધિકારિતા રાજ્ય મંત્રી રામદાસ આઠવલેએ જણાવ્યું છે કે ૨૦૧૬થી ૨૦૨૦ સુધીમાં દેશનાં ૧૯ રાજ્યોમાં ૩૪૦ લોકોના ગટરમાં ઉતરીને સફાઈ કરવાના કારણે મોત થયાં છે. સૌથી વધુ બાવન ગટર કામદારોનાં મોત ઉત્તરપ્રદેશમાં તે પછી તમિલનાડુમાં ૪૩, દિલ્હીમાં ૩૬, મહારાષ્ટ્રમાં ૩૪ અને ગુજરાત તથા હરિયાણામાં ૩૧-૩૧ સફાઈ કામદારોનાં મોત થયાં છે. રાજ્યસભામાં મંત્રી મહોદયે આપેલી માહિતી મુજબ ૩૪૦માંથી ૨૧૭ને જ વળતર ચૂકવી શકાયું છે; કેમ કે બાકીના મરણ પામેલા ગટર કામદારો વિશે પૂરતી વિગતો મળતી નથી. ગટર સાફ કરવાને કારણે મરણ થયાં છે તે હકીકત છે, સુપ્રીમ કોર્ટના આદેશાનુસાર તેમને વળતર પણ ચૂકવવાનું છે, પણ જેમને ગેરકાયદે ગટરમાં ઉતારીને મારી નંખાયા છે તેમનાં નામ-ઠામનો પત્તો વિશ્વગુરુ બનવા માંગતા દેશના વહીવટી તંત્ર પાસે નથી !

ગટરસફાઈ કરતાં મ્રુત્યુ પામેલા કામદારોની સાચી માહિતી જેમ સરકાર પાસે નથી તેમ મેન્યુઅલ સ્કેવેન્જર્સ કહેતાં માથે મેલું ઉપાડનારા કે હાથથી મળસફાઈ કરનારા લોકો દેશમાં ખરેખર કેટલાં છે તેના અધિકૃત, ચોક્કસ અને વિશ્વસનીય આંકડા પણ સરકાર પાસે નથી. રાજ્યસભાના વર્તમાન સત્રમાં સરકારે હાથથી મળસફાઈ કરનારા ૬૬,૬૯૨ લોકોની ઓળખ થઈ હોવાનું લેખિતમાં સ્વીકાર્યું છે. તેમાં પણ અડધોઅડધ કરતાં વધુ, ૩૭,૩૭૯ના આંક સાથે, યુ.પી. અવ્વલ છે. સરકારી સંસ્થા "નેશનલ સફાઈ કર્મચારી ફાઈનાન્સ એન્ડ ડેવલપમેન્ટ કોર્પોરેશન"ના ૨૦૧૩ના ૧૩ રાજ્યોના સર્વેમાં હાથથી મળસફાઈ કરનારાનો આંક ૧૪,૫૦૫ દર્શાવ્યો છે. ૨૦૧૮-૧૯માં ૧૮ રાજ્યોના ૧૭૦ જિલ્લાના ૮૭,૯૧૩ લોકોની હાથથી મળસફાઈ કરનારા તરીકે ઓળખ થઈ હતી. પરંતુ રાજ્ય સરકારોને તે સ્વીકાર્ય નહોતી. એટલે ૧૪ રાજ્યોના ૮૬ જિલ્લાના ૪૨,૪૦૩ની ઓળખ જ માન્ય રહી હતી. બિહાર, હરિયાણા,જમ્મુ-કશ્મીર અને તેલંગણાએ પોતાના રાજ્યમાં મેન્યુઅલ સ્કેવેન્જર્સ હોવાનો જ ધરાર ઈનકાર કર્યો છે. હવે ૨૦૨૦ના અંતે સરકાર તે વધીને ૬૬,૬૯૨નો થયાનું જણાવે છે. દેશમાં વિકાસ અને આધુનિકતાની , રેકર્ડ સમયમાં કોરોનાની રસી શોધ્યાની, ગુલબાંગો પોકારાય છે પણ મહાનગરો-નગરો અને ગામડાંઓમાં ગટરો અને ખાળકૂવા સાફ કરવા માટેનાં યંત્રો શોધાતાં નથી, શોધાયાં હોય તો ખરીદાતાં નથી અને ખરીદાયાં હોય તો વપરાતાં નથી.

૧૯૯૩ અને ૨૦૧૩ના સૂકા જાજરૂ બનાવવા પ્રતિબંધ ફરમાવતા અને ગટરસફાઈ સહિતની હાથથી થતી મળસફાઈને ગેરકાયદે ઠેરવતા કાયદા થયા છે. કાયદામાં દોષિતોને જેલ અને દંડની સજાની જોગવાઈ છે પરંતુ ખાનગી ધોરણે જ નહીં સરકારી તંત્રોમાં પણ હાથથી મળસફાઈ અને ગટર સફાઈ કરાવવામાં આવી રહી છે અને સંસદમાં કહેવાયું છે તેમ આખા દેશમાં એકપણ વ્યક્તિને સજા થઈ નથી ! પૂર્વ ક્રિકેટર અને દિલ્હીના બીજેપી સાંસદ ગૌતમ ગંભીરના પૂરક પ્રશ્નના જવાબમાં લોકસભામાં મંત્રીશ્રીએ કહ્યું હતું કે સરકાર હાથથી થતી મળસફાઈ માટે કોઈ નવો કાયદો ઘડવાની નથી કે હાલના કાયદામાં કોઈ સુધારો પણ કરવાની નથી. મંત્રીમહોદયની વાત સોઆની સાચી છે. કોઈ કડક કાયદો ઘડવાની નહીં, વર્તમાન કાયદાનો અમલ કરાવવાની જરૂર છે. કાયદા હેઠળ દોષિત ઠરેલ કોઈ એકાદને પણ દંડ અને સજા કરાવવાની જરૂર છે.

યંત્રોથી જ સફાઈ કરવાની રાષ્ટ્રીય નીતિ સરકાર ઘડી રહી હોવાનું સંસદને જણાવાયું છે. ગયા વરસના બજેટ ભાષણમાં નાણાંમંત્રી નિર્મલા સિતારામને કહ્યું હતું કે "અમારી સરકાર એ વાતે પ્રતિબધ્ધ છે કે ગટરની સફાઈ વ્યક્તિ દ્વારા ન જ કરવી. આવાસ અને શહેરી વિકાસ મંત્રાલય ગટરોની સફાઈ યંત્રો દ્વારા કરાવવાની ટેકનિક શોધી રહી છે. સરકારના આ વિભાગો દેશની સ્થાનિક સ્વરાજની સંસ્થાઓના સતત સંપર્કમાં છે. જેથી તેઓ ગટર સફાઈની ટેકનિક અપનાવે. આ યોજનાનો કાનૂની અમલ કરવા સાથે ભારત સરકાર રાજ્યોને આર્થિક મદદ પણ કરશે." નાણાંમંત્રીની આ ઘોષણા પછી દેશના કેટલા મહાનગરો-નગરોમાં ગટર સફાઈ માટે યંત્રો અપનાવાયાં કે ઘરેઘરે શૌચાલયો બની ગયાં તે તપાસનો વિષય છે.પણ હા, હજુય ગટરસફાઈ કરતાં દલિતોના મરણ થઈ રહ્યાં છે.

રાજકીય ઈચ્છાશક્તિ વગરની સરકારો અને સંવેદનહીન સરકારી બાબુઓ આ બાબતે શું કરી શકે છે તેનું ઉદાહરણ તાજેતરમાં ગુજરાતમાં જોવા મળ્યું છે. રાજ્ય ચૂંટણી પંચે સ્થાનિક સ્વરાજની ચૂંટણીના ઉમેદવારો

પાસે ફ્લશ કે પાણીબંધ જાજરૂ હોવાની બાંહેધરી માંગી હતી. તેનો અર્થ એ કે જનપ્રતિનિધિ બનવા માંગતી વ્યક્તિના ઘરે પણ પાણીસહિતના જાજરૂ ન હોવાની વાત સરકાર સ્વીકારે છે. અમદાવાદની મહાનગરપાલિકાના કમિશનરે તાબાના અધિકારીઓને લેખિત સૂચના આપી છે કે હવેથી સરકારી દસ્તાવેજ અને પત્રોમાં ગટરો માટે 'મેનહોલ'ને બદલે 'મશીનહોલ' શબ્દનો જ ઉપયોગ કરવો ! ભલે માણસોને અંદર ઉતારીને ગટરો સાફ કરાવાય પણ ગટરો 'મશીનહોલ' કહેવાશે.ઘરે જાજરૂ ના હોવાની સજા વ્યક્તિને ચૂંટણી લડતા અટકાવીને કરાશે.

ભારતનું બંધારણ પ્રત્યેક નાગરિકને ગરિમાપૂર્ણ જીવનનો અને સન્માનજનક રોજગારનો અધિકાર આપે છે.છતાં દલિતોને જ સફાઈનું નિમ્ન ગણાતું કામ કરવું પડે છે. તેમને સન્માનજનક વૈકલ્પિક રોજગાર આપી તેમનું પુનર્વસન કરવાનું કામ સરકારનું છે.આ બાબતમાં સરકારી સંવેદના કેવી છે તેના પુરાવા પણ બહુ દૂર શોધવા જવાની જરૂર નથી. ગટરકામદાર કે હાથથી મળસફાઈ કરનાર વ્યક્તિના કુટુંબના કોઈ એક સભ્યને સ્વરોજગાર માટે રૂ. ૪૦,૦૦૦ની આર્થિક સહાય,મહિને રૂ.૩૦૦૦ની સહાય સાથે બે વરસ સુધી કૌશલ્યવિકાસની તાલીમ અને સ્વરોજગાર માટે રૂ.૩.૨૫ લાખ સુધીની લોનની રૂપાળી યોજના કાગળ પર જ છે. કેન્દ્રના સામાજિક ન્યાય અને અધિકારિતા વિભાગની સ્થાયી સમિતિના લોકસભામાં રજૂ થયેલા દસમા અહેવાલમાં જણાવ્યા મુજબ પુનર્વસન માટે લાયક ૪૮,૬૮૭ મેન્યુઅલ સ્કેવેન્જર્સમાંથી માત્ર ૩૦,૨૪૬ને જ પુનર્વસન માટે રોકડ સહાય મળી છે. તેમના કૌશલ્ય વિકાસ માટેની તાલીમ કે ગરિમાપૂર્ણ વૈકલ્પિક વ્યવસાયનું સર્જન કરવામાં આવ્યું નથી.

કેન્દ્રના ૨૦૧૭-૧૮ના અંદાજપત્રમાં પુનર્વસન માટે માત્ર રૂ.૫ કરોડની જોગવાઈ હતી. ૨૦૧૯-૨૦માં રૂ.૧૧૦ કરોડની જોગવાઈ સામે બજેટ ફાળવણી રૂ.૮૪.૮૦ કરોડની જ થઈ હતી. ૨૦૨૦-૨૧માં ફરી એ જ રૂ.૧૧૦ કરોડની બજેટ જોગવાઈ તો કરી પણ છ મહિના સુધી એકપણ રૂપિયાની ફાળવણી થઈ નહીં. હવે સુધારેલા અંદાજમાં ૧૧૦ કરોડની ફાળવણી ઘટાડીને રૂ.૩૦ કરોડની અને ગયા વરસની રૂ.૧૧૦ કરોડની જોગવાઈમાં ઘટાડો કરીને ૨૦૨૧-૨૨ના બજેટમાં રૂ.૧૦૦ કરોડની જોગવાઈ કરી છે એટલે એક જ વરસમાં બજેટ જોગવાઈમાં ૭૩ ટકાનો કાપ કર્યો છે. સફાઈ કામદારોના પુનર્વસનનો જેમાં સમાવેશ થતો નથી તે સ્વચ્છ ભારત મિશનના ૨૦૨૦-૨૧ના બજેટની રૂ.૧૨,૩૦૦ કરોડની જોગવાઈ સુધારેલા અંદાજમાં ઘટીને રૂ.૭,૦૦૦ કરોડ થતાં તેમાં પણ ૪૩ ટકાનો કાપ મુકાયો છે. નવા નાણાકીય વરસમાં સ્વચ્છ ભારત મિશનની બજેટ જોગવાઈમાં એક પણ રૂપિયાનો વધારો કર્યો નથી.

ભારે આર્થિક અને તીવ્ર સામાજિક અસમાનતા ધરાવતા આપણા દેશમાં સમાજના નબળા કે હાંસિયાના વર્ગોના કલ્યાણનો ખ્યાલ વિકાસ, સશક્તિકરણ અને હવે અધિકારિતા અને ન્યાય જેવા રૂપાળા શબ્દોમાં બદલાઈ રહ્યો છે. પણ શબ્દોનો બદલાવ તેમના જીવનને બદલી શકે એવી આર્થિક જોગવાઈઓ અને યોજનાઓ, સામાજિક માહોલ અને રાજકીય ઈચ્છાશકિતનો ભારોભાર અભાવ પ્રવર્તે છે. સામાજિક ન્યાય અને અધિકારિતા મંત્રાલયનો ૨૦૧૯-૨૦નો બજેટ ખર્ચ રૂ.૮૭૧૨.૬૧ કરોડ હતો. ૨૦૨૦-૨૧નું બજેટ અનુમાન રૂ.રૂ.૧૦,૧૦૩.૫૭ કરોડ હતું જે સુધારેલા અંદાજોમાં રૂ. ૫૦૫.૦૮ કરોડ ઘટાડીને રૂ.૮૨૦૭.૫૩ કરોડનું થઈ ગયું છે. હવે નવા બજેટમાં ગત વરસના અનુમાનમાં સામાન્ય વધારો કરીને રૂ.૧૦,૫૧૭.૬૨ કરોડની જોગવાઈ થઈ છે. દલિતોની વસ્તીના પ્રમાણમાં બજેટ ફાળવણી થતી નથી. વધુ આંચકાજનક બાબત તો એ છે કે આ વરસની બજેટ સ્પીચમાં ફાઈનાન્સ મિનિસ્ટરે શિડ્યુલ કાસ્ટ અને શિડ્યુલ ટ્રાઈબ સબપ્લાનનો કોઈ ઉલ્લેખ જ કર્યો નથી.

જે પાંચ રાજ્યોમાં વિધાનસભાની ચૂંટણીઓ યોજાઈ રહી છે તે પૈકીના ચાર પશ્ચિમ બંગાળ, કેરળ, અસમ અને તમિલનાડુ માટે મોટી બજેટ જોગવાઈ થઈ છે. આ બજેટ જોગવાઈ રાષ્ટ્રીય રાજમાર્ગોના નિર્માણ, મેટ્રો, ટેકસટાઈલ પાર્ક, સમુદ્રી શેવાળ પાર્ક માટે કરી છે. દેશની રાજધાની દિલ્હીના ૩૦ ટકા વિસ્તારમાં આજેય ગટર લાઈન નથી. આ ચાર રાજ્યોનાં મહાનગરો-નગરોની સ્થિતિ કંઈ દિલ્હી કરતાં સારી નથી. ત્યારે ગટરલાઈન માટે કોઈ બજેટ જોગવાઈ નથી. સ્માર્ટસિટી તો બનાવવાં છે, પણ સ્માર્ટ સેનિટેશન નહીં .દેશને ખુલ્લામાં શૌચમુક્ત કરવા સાથે જેમના માથે સફાઈનું કામ મારવામાં આવ્યું છે તેમને મુક્ત કરી ગરિમાયુક્ત રોજગાર માટેના નક્કર પગલાં અને યોજના કેમ વિચારાતાં નથી.?

maheriyachandu@gmail.com

અંજલિ

## સદ્ગત ચિત્રકાર હારૂન ખીમાણી / રમણ સોની

વર્ષો પહેલાં (૧૯૫૯-૬૩) વડોદરાની ફાઈન આર્ટ્સ ફૅકલ્ટીના એક તેજસ્વી વિદ્યાર્થી, 'મણિસાહેબ' (કે.જી. સુબ્રહ્મણ્યન)ના શિષ્ય અને ગુલામમોહમ્મદ શેખ, ભૂપેન ખખ્ખર વગેરેના અનુકાલીન સહાધ્યાયી મિત્ર રહેલા ચિત્રકળાકાર હારૂન ખીમાણીનું હમણાં, ૧૫મી ફેબ્રુઆરીએ કોરોનાની બિમારીમાં અવસાન થયું. ત્યારે એ એમના પુત્રને ત્યાં બોસ્ટનમાં હતા.

યોગક્ષેમ માટે દિશા બદલાતાં ઘણાં વર્ષ ચિત્રસર્જન છૂટી ગયેલું. એ, આર્થિક રીતે સંપન્ન થયા પછી ફરી શરૂ થયેલું. છેલ્લાં વીસેક વર્ષોથી તો એ નવાં ચિત્રો ઉત્સાહથી કરતા હતા. એમનાં ચિત્રપ્રદર્શનો મુંબઈ, દિલ્હી ને અમેરિકામાં થતાં રહ્યાં ને ધ્યાન ખેંચતાં રહ્યાં. સામ્પ્રત ચિત્રકળાના મુખ્ય પ્રવાહ સાથે સૂર મેળવવા એ કટિબદ્ધ હતા - અંદરનો વેગ ને કળાપ્રીતિ ક્યારેય મંદ ન પડવા દીધાં. હરવા-ફરવાના શોખીન, પણ ચિત્રો કરે ત્યારે દિવસો સુધી સતત કરે.

કળા અને સાહિત્ય માટે નિસબતભર્યો પ્રેમ. એથી, નામને આગળ કર્યા વિના જ એ ગુજરાતી સામયિકોને, કોઈકોઈ સાહિત્યિક-સામાજિક સંસ્થાઓને પણ આર્થિક સહયોગ કરતા રહેલા. મુંબઈ એમનું ઘર, પણ અવારનવાર વડોદરા આવે, શેખસાહેબ વગેરે જૂના-નવા મિત્રોને મળે. ઘણા ચિત્રકાર ને સાહિત્યકાર મિત્રો સાથે એમનો ઘરોબો, પણ વચ્ચે ઘણાં વર્ષ એ સંપર્કથી બહાર રહ્યા. એથી સર્વપરિચિત ન થઈ શક્યા.

હારૂનભાઈ સ્વભાવે સરળ ને નિખાલસ, મળતાવડા ને વાતરસિયા. તલ્લીન થઈને એ વાતો કરે ત્યારે તમારે અનિવાર્યપણે શ્રોતા જ રહેવું પડે. પણ તમને કંટાળો ન આવે, એવી રસપ્રદ એમની વાતો, ને એવું ગતિસંચારશીલ એમનું વ્યક્તિત્વ.

૮૫ની વયે પણ સ્ફૂર્તિવાળા, ઊજળે વાન ને મસ્ત મનના, એટલે સોહામણા દેખાય. જયંત મેઘાણીના એ પરમ મિત્ર. હારૂનભાઈ અને જયંતભાઈ સાથે મેં થોડાક આનંદદાયક પ્રવાસો કરેલા છે એનાં પ્રસન્ન સ્મરણો મનમાં સચવાયાં છે.

એમનો ચિત્રસંપુટ ઠીકઠીક સમૃદ્ધ હશે. એમણે આત્મકથા પણ લખી છે એ પ્રકાશિત થવાની સંભાવના છે.

હારૂનભાઈને સ્નેહાર્દ્ર અંજલિ.

# સાહિત્ય, લોકશાહી અને આપણે / જાગૃત ગાડીત

લોકશાહી એટલે ચૂંટણી. ચૂંટણી એટલે લોકશાહી. ચૂંટણી એટલે જ લોકશાહી. ભારતદેશના લોકશાહીથી તરબતર નાગરિકોને આ બરાબર ખબર છે. સાહિત્યમાં પણ લોકશાહી જોઈએ. લોકશાહી સાહિત્યની ઉપર કે તેથી ઊલટું? બેમાંથી ખરેખર સિનિયર કોણ? અઘરા સવાલ છે. માટે જવા દો! માંડમાંડ મળતા એકલદોકલ સુજ્ઞ વાચકને પણ મારે ખોઈ દેવા નથી. પણ સાહિત્ય અને લોકશાહી વચ્ચેનો અફેર ગંભીર સ્વરૂપ ધારણ કરી ચૂક્યો છે, એવું 'ગુજરાતી સાહિત્ય પરિષદ' દર ત્રણ વર્ષે અચૂક યાદ કરાવે છે.

આ ચૂંટણી મારી અંદરના લોકશાહીથી તરબતર નાગરિક, માસ્તર અને બિલકુલ ટાઇમપાસ પ્રકારના લેખકની ગહન વિચારશીલતાને ઊંધે ગધેડે બેસાડી દોડાવે છે. પ્રમુખ અને સંવર્ધક વગેરેના મત (આ 'ચોકડી' જ કેમ?) તો આમતેમ જરા જોઈને આપી દેવાય. પણ મધ્યસ્થ સમિતિ ?

'મધ્યે તિષ્ઠતિ ઇતિ!' પણ ભઈલા, વચમાં ક્યાં અને કેમ ઊભા રહેવું છે એ તો કહે. ભારતદેશમાં બધાને ખબર છે. ઊભા રહેવું, તો વચમાં. મધ્યે. ભીડભાડવાળા રસ્તા પર ગાડી પાર્ક કરી શાંતિથી શાકભાજીવાળા સાથે ભાવતાલ કરો. નડો તો કોઈ ઓળખે. ભાવ પૂછે. 'હાંસિયા સમિતિ કે 'સાઇડલાઇન સમિતિ' હોય, તો કેટલા ઉમેદવારી નોંધાવે? 'માર્ગદર્શકમંડળ' માટે ચૂંટણી સાંભળી છે?

'કમળ કે પંજો ?' એવી સીધીસાદી રીતે મતદાન કરવા ટેવાયેલા મારામાંના ગુજ્જુની, મધ્યસ્થ સમિતિ બન્યા પહેલાં જ આકરી તાવણી કરે છે. 'ચાલીસ કરતાં એક વધુ નહિ- અને એક ઓછો પણ નહીં', ચૂંટણી-અધિકારીશ્રીની સ્થિર વેધક નજર મારા ચહેરા પર હું અનુભવું છું. અલ્યા, અમને ગુજ્જુઓને 'પ'માંથી 'ક' કે 'ક'માંથી 'ખ'કરતાં દાયકાઓ લાગે છે! તેમાં ચાલીસ મત! આવો જુલમ ?

છેલ્લી બે-ત્રણ ચૂંટણીઓથી, મતપત્રક આવે એટલે થોડા દિવસ એમ ને એમ જ ટેબલ પર મારી સામે જોતું પડી રહે છે.

ક્યારેક એકદમ ફ્રેશ હોઉં અને લોકશાહીનો તરવરાટભર્યો ઊભરો આવે, તો હાથમાં લઉં પણ ખરો. પણ એ ઊભરો ટકે કેવી રીતે? એંસીનેવુંમાંથી શ્રેષ્ઠતમ ચાલીસ કેમ તારવવા? આડેધડ ફટકાબાજી કરવા ક્યારેક હાથ સળવળી ઊઠે, પણ પેલો ખોટો લોકશાહી સ્પિરિટ, કે વિવિધ મહાનુભાવોના કે બની બેઠેલા વિદ્વાનોનાં લખાણોનું બિનજરૂરી વાંચન કે છેલ્લે પૂર્વજો પાસેથી મળેલા ખોટા સંસ્કાર કે મિથ્યા અહંકાર વગેરે-વગેરે...સરખી રીતે તેમ પણ કરવા દેતા નથી.

શ્રેષ્ઠતમ ચાલીસ ? આમાંથી કેટલાંને તો હું ઓળખતો પણ નથી. એમ કરું, જેટલાં નામ જાણીતાં લાગે તેમને ચોકડી? પણ આ અહમમૂલક નથી? હું કોઈનું નામ જાણતો હોઉં તેને યોગ્યતા કેવી રીતે ગણી શકાય? કે અહમ્ બિલકુલ ઓગાળી નાખું? જેમનાં નામ એકદમ અજાણ્યાં હોય તેમને ચોકડો? પણ જેમ હું જાણતો હોઉં એ યોગ્યતા ન ગણાય તેમ હું ઓળખતો હોઉં એ ગેરલાયકાત પણ ન બનવી જોઈએ. મારા અહંકાર સાથેની સંતાકૂકડીમાં બીજાનો અને ખાસ કરીને પેલી લોકશાહીનો ભોગ કેમ લેવાય ? આવા વિચારોની થોડી ઊંચકમૂક કર્યા પછી થયું, તેલ લેવા જાય બધું. થોડો અહમ્ જરૂરી છે. અહમ્ છે, તો હું છું. જેટલા ચોક્કસ જાણીતા જણાય તેમના પર ચોકડી! પણ આ તો મારી સમસ્યાનો આંશિક હલ જ થયો. હું સાહિત્યમાં પૂરેપૂરો ઘૂસેલો નથી કે સાહિત્ય મારામાં પૂરેપૂરું ઘૂસેલું નથી. જાણીતાં નામ કચકચાવીને શોધ્યા બાદ પણ ચાલીસથી થોડો દૂર છું. વળી, નામ જાણીતું હોવાની કલ્પના પણ એટલી સરળ નથી એ બરાબર સમજાય છે. સ્મૃતિ અને મનના તરંગ આપની સાથે કેવી રમત કરે છે તે દેખાય છે. ડેનિયલ કાયનેમાન મારી સામે જોઈને હસે છે.

આ રવીન્દ્ર પારેખ એ જ હશેને જેણે યાસુનારી કાવાબાતાની 'Thousand Cranes'નો અનુવાદ કર્યો હતો? દાયકાઓ પહેલાં વલ્લભવિદ્યાનગર યુનિવર્સિટી કૉલોનીના 'ટી ક્વાર્ટરની લાંબી અગાશી પર ચાલતાં-ચાલતાં કેટલાય દિવસ સુધી એ વિષાદમય કાવ્યાત્મક અનુભવે મને ઘેર્યો હતો. હાથ જાણબહાર જ ચોકડી મારી દે છે. પછી રેશનલ મગજ જાગૃત થાય છે. અલા, સિત્તેરના દસકામાં ભાઈકાકા લાઇબ્રેરીના જે અનુવાદિત પુસ્તકનું પૂંઠું જૂનું લાગતું હતું એના અનુવાદકની ઉંમર આજે કેટલી થાય ? આજે હશે ખરા ? એમનું નામ ખરેખર શું હતું ? કદાચ રવીન્દ્ર ઠાકોર ? જે હોય તે. રવીન્દ્ર તો ખરુંને ? રવીન્દ્ર તો હશેને ? ભગવાન જાણે! આમેય હવે શું? લોકશાહીનો સુંદર અફર નિયમ છે. મારેલી ચોકડી પાછી ન લેવાય. આભાર.

આ પરેશ નાયક એ જ ને જેમણે જયંત ખત્રીની 'ધાડ' પરથી ફિલ્મ બનાવી હતી ? એ ફિલ્મની એક લાંબી સિક્વન્સ યાદગાર છે. આન્દ્રેઈ તાર્કોવ્સ્કી કે સત્યજીત રે જેવા શિખાઉ દિગ્દર્શકો સાથે જ સરખામણી કરી રહ્યો છું અને આ અનિલા દલાલ, પેલા જયંતિ દલાલ સાથે કોઈ સંબંધ હશે ? બાળપણથી પપ્પાનાં પુસ્તકોના ઘોડા પર જોયેલું 'જયંતિ દલાલના પ્રતિનિધિ એકાંકીઓ' યાદ આવે છે. બાજુમાં અનિરુદ્ધ બ્રહ્મભટ્ટ અનુવાદિત 'એરિસ્ટોટલનું કાવ્યશાસ્ત્ર' દેખાય છે. પણ મુખ્ય તો જયંતિ દલાલ અનુવાદિત ટૉલ્સટૉયનું 'યુદ્ધ અને શાંતિ'. ચાર ભાગ! એ પણ નવમાદસમાનાં વૅકેશનોમાં વાંચેલું. નતાશા અને પિયર બેજુખોવ, બોલ્કોન્સ્કી વગેરેનો પરિચય. હાથ ફરી ચોકડી કરી બેસે છે.

આ રીતે પરિચિતતાનો સાચોખોટો આભાસ આપતાં નામો પર ચોકડી માર્યા પછી પણ ચાલીસના જાદુઈ આંકડાથી થોડો દૂર જ છું. ચાલીસનો આંકડો જ કેમ ? ક્યાંથી આવ્યો ? અલીબાબા અને ચાલીસ ચોર ? અલીબાબા જાણે ચાલીસ ચોરનો સરદાર હોય એમ લાગે. અલીબાબા માટે જુદું વોટિંગ? અલીબાબામાં વળી પસંદગી કેવી ? એ તો એક અને માત્ર એક જ ન હોય ? વિવિધ મનોભાવો વચ્ચે અટવાતાં હું મતપત્ર હાથમાં થોડે દૂર રાખી, લોકશાહીને — તેમાંય સાહિત્યમાં ઘૂસેલી લોકશાહીને — બચાવી લેવા નવી પ્રેરણા કે સ્ફુરણા માટે બારી બહાર નજર કરું છું.

ત્યાં જ મગજમાં પ્રકાશ થાય છે. પેલા લેખકો અને ટાઇમપાસ કવિઓ અમસ્તા જ બારીબહાર નથી જોયા કરતા! નવી-નવી પ્રેરણાઓ અને સ્ફુરણાઓ મળી આવે. ક્યારેક તો રસ્તે ચાલતી પણ દેખાય. લોકશાહીનું મહત્ત્વનું તત્ત્વ કયું? વૈવિધ્ય? તો પછી ઈશ્વરે નીમેલું મૂળભૂત વૈવિધ્ય સાહિત્યમાં તો દેખાવું જોઈએને? ચાલીસ ચોરમાં વીસેક સ્ત્રીઓ જોઈએને? ઇતિહાસ સાક્ષી છે, ચોરીના કસબ પર જ્યારે સ્ત્રીઓએ હાથ અજમાવ્યો છે, ત્યારે વધુ કાર્યક્ષમ અને સફળ નીવડી છે.

સ્ત્રી અને પુરુષ સિવાય અન્ય વિકલ્પો વિશે હું સભાન છું. પણ હમણાં બે મુખ્ય વિકલ્પોની જ વાત કરીએ. મુખ્ય એટલે મધ્યસ્થ. મધ્યસ્થસમિતિની ચૂંટણીમાં હાંસિયાને ભૂલી જઈએ તો ન ચાલે? લોકશાહીમાં પણ, હાંસિયામાં હોવાથી કંઈક તો ખોવું પડેને અને આ તો ભારતદેશની લોકશાહી. મોટા ભાગના હાંસિયામાં જ હોય કે બધ્ધા? હાંસિયો જ પહોળો રાખ્યો છે.

મતપત્રક પર લિંગભેદવાળી નજર ફેરવું છું. ફક્ત બાર સ્ત્રી-ઉમેદવાર! લોકશાહીની આવી કરુણ દશા? બારે- બારને ચોકડી! હરખ પણ છે. ચાલીસ થયા? ના, હજુ ખૂટે છે. ચાલીસ એટલે ચાલીસ જ, એવું કેમ? પણ હવે હિંમત છે. મગજ તરત જ વિવિધ વિકલ્પો સૂચવવા માંડે છે. પેલો કાયનેમાન ફરી લુચ્ચું હસી રહ્યો છે. પ્રથમ સિસ્ટિમ! આપણું intuitive માઇન્ડ જે રૅશનલ નથી, જે ફાસ્ટ છે. આદિમ છે. સજ્જ છે. સહજ છે.

જ્ઞાતિ? સવર્ણ, પછાત? રૅશનલ મગજ તરત સજાગ બને છે. ના ના, એ વૈવિધ્ય છે અને જેટલું છે એ પૂરતું છે. જરૂરથી ઘણું વધારે છે. 'જાતિ વો હૈ, કે જો જો કભી નહીં જાતી! એક અનુકૂળતા છે. નામ અને અટક જોતાં, લિંગ, જ્ઞાતિ, ધર્મ, પૂર્વજોનો ધંધો વગેરે મોટે ભાગે જણાઈ આવે છે. આ અનુકૂળતા ઘણા માટે આતંકિત યંત્રણા બનતી હોય છે એ હું જાણું છું. આપણી લોકશાહીમાં કેટલાયને અટક છુપાવતા, બદલતા, એનું ઉચ્ચારણ કરતાં ખચકાતાં, એના વિષે વિવિધ ખુલાસા કરતા આપણે ક્યાં નથી જોયા?

પણ બીજા એક વૈવિધ્યની ખામી આંખમાં કણાની જેમ પડે છે. સાહિત્યમાં કોઈ એક ધર્મવિશેષને જ રસ હોય એવું કેમ દેખાય છે? શું ભાષા બધાની નથી? એને ધર્મ સાથે શું લેવાદેવા? બાલિશ પ્રશ્નો છે, મને ખબર છે. સંકુલ મનોવિજ્ઞાન, સમાજશાસ્ત્ર અને રાજકારણ છે. ઘણાં મુસ્લિમ ઘરોમાં ગુજરાતીમાં બોલવું હલકું ગણાય છે. તમારી કિંમત થઈ જાય! અને એવા સદ્‌ગૃહસ્થો છે, જેમને બેસતાવર્ષે 'સાલમુબારક! કહીએ તો એમના નવા વર્ષ પર પરધર્મનો રંગ લાગી ગયો હોય એમ દુઃખી થઈ જાય. સાલ મુબારક!' કેટલો સુંદર પ્રયોગ! નૂતન વર્ષાભિનંદન' જ કહેવાનું! આપણી સંસ્કૃતિ તો જાળવવી પડેને! વોટ્સએપ યુનિવર્સિટીના સ્નાતકો, અનુસ્નાતકો અને સંશોધકો આપણને જ્ઞાન આપે છે. 'મારી આગળ સંસ્કૃતિની મા ના પૈણીશ!' મારાથી કોઈ ઓળખીતા પર તતડી પડાય છે. પણ આપણે એ યાદ રાખી શકીએ કે બાંગ્લાભાષીઓના ઉત્કૃષ્ટ ભાષાપ્રેમને લીધે એક નવો દેશ બન્યો.

આમ તો મને સ્થાપિત ધર્મોમાં બહુ રસ નથી. પણ મારી ભાષા અને તેના સાહિત્યમાં એ વૈવિધ્ય ટકી રહે — બલકે વધે — એવી ઝંખના ખરી. ધર્મ આધારે એકાદ ચોકડી જ ઉમેરાઈ. હવે ચાલીસ થયા? પ્રેમાળ સહૃદયી વાચક પણ હવે અધીરો બન્યો છે. વારંવાર ગણવું પડે છે. તેત્રીસ થયા કે ચોત્રીસ? ફરી ગણો.

વૈવિધ્યના આઇડિયાને થોડો આગળ લઈ જઈએ તો? ભૌગોલિક વૈવિધ્ય? ગુજરાતના ખૂણેખૂણેથી — દરેક જિલ્લામાંથી — પ્રતિનિધિત્વ આવે તો સારું નહીં? વહેંચાવું, વિખેરાવું અને કેન્દ્રસ્થ થવું, મધ્યસ્થ થવું એ બેની વચ્ચેનું સંતુલન — એ જ તો છે લોકશાહી! હાંસિયો કેન્દ્રમાં આવે, કેન્દ્ર હાંસિયામાં જાય. હાંસિયો કેન્દ્રના કેન્દ્રમાં આવે, કેન્દ્ર હાંસિયાના હાંસિયામાં જાય. પેલો દેરિદા આંખ મારે છે, ''અલ્યા, મારો ધંધો પણ તું લઈ લઈશ?''

પણ આ આઇડિયાનો અમલ મુશ્કેલ છે. નામ ને અટક પરથી ભૌગોલિક સ્થાનનું આંશિક અનુમાન જ થઈ શકે છે. ખોટો વોટ જઈ શકે. ખોટો વોટ એટલે અન્યાય. લોકશાહીના નામે અન્યાય? ન ચાલે, મતપત્રક મુકાઈ જાય છે. ફરી ક્યારેક આગળ વિચારીશું.

બેચાર દિવસ ટેબલ પર નજરમાં આવ્યા કરે છે — જાણીજોઈને એમ રાખ્યું છે. ઝીણી સતામણી મનમાં રહ્યા કરે છે. યુવાવસ્થાનો હું હોત, તો મતપત્રક કાયમ માટે બાકી જ રહ્યું હોત. એવા કેટલાય મતપત્રક કચરામાં ગયા હશે. પણ ઉંમર સાથે આવાં કામ પૂરાં કરવાની બેચેની વધે છે. ક્યારે પતાવું અને પોસ્ટ કરી દઉં! કામ પતવાથી મનને નાની સિદ્ધિનો અનુભવ થાય. બીજું કામ કરવાની તાકાત મળે. મનોવિજ્ઞાન સહેલું જ છે સ્તો!

યુવાવસ્થામાં મોટી સિદ્ધિઓ મેળવવાની હોય છે. નાની-નાની સિદ્ધિઓ તરફ ધ્યાન આપવાની ફુરસદ હોતી નથી. પણ પચાસ પછી હાલત પેલી કચરો વીણવાવાળી જેવી હોય છે. સવારથી ટોપલો લઈને નીકળીએ અને નાની-મોટી જે મળે તે ભેગી કર્યા કરીએ. હરખ થાય. સાંજ પડે બૈરીને હિસાબ અપાય. પણ આ મધ્યસ્થ સમિતિ જલદી હરખ થવા દે એમ નથી. ખરેખર મધ્યસ્થ છે. ટેબલની વચ્ચોવચ પડેલી છે. નડે છે.

એકબે દિવસમાં એક નવો વૈવિધ્ય-ચમકારો થાય છે. અટકનું કેવું? આપણી અટકો અને તેમની વ્યુત્પત્તિનો ઇતિહાસ બેનમૂન હશે એવું મને ઘણીવાર લાગ્યું છે. એવી કોઈ અટક છે, જે પહેલી વાર જ જોઈ હોય? આ શાહ, પટેલ, જોશી, મહેતા, પરમાર, રાઠોડ બધાથી કંટાળી ગયો છું. મારી સામે ફરકવું જ નહીં! કંઈક વેરાઇટી જોઈએ! બેએક ચોકડી ઉમેરાઈ જાય છે. ચાલીસ હવે ખાસા નજીક છે. શું હવે સિદ્ધિ પ્રાપ્ત થશે? કોઈ તાંત્રિક પાસે જઈને સિદ્ધિપ્રાપ્તિ યંત્ર બનાવવું પડશે?

બેત્રણ દિવસમાં, મતપત્રક પર અનેક વાર ત્રાંસી ચિંતિત નજર ફર્યા પછી, ફરી પ્રકાશ થાય છે. મતપત્રક પર ચોકડીઓ ઘણી અનિયમિત રીતે પથરાયેલી છે. અમુક ઝૂમખાં બની ગયા છે. સળંગ પાંચ-છ, કે સળંગ ખાલી જગ્યા. આ અનિયમિતતા એ બિનરૈખિક્તા (non linearity) છે, એમ અંદરનો ઍન્જિનિયર કહે છે. બિનરૈખિકતા જીવંતતાનું સ્વરૂપ છે એ હું જાણું છું. પણ થોડું સરખું, વ્યવસ્થિત કરવાની માનવસહજ ઝંખના ઉભરાઈ આવે છે. આ ઇચ્છાએ જ માણસજાતની પત્તર ફાડી છે એ પણ હું સમજું છુ. પણ સમજ્યા પ્રમાણે જ બધું કરું તો હું માણસ શાનો?

ચાલીસમાં કેટલી ખૂટે છે તે બરાબર ગણી લીધી. બે વાર. ત્રણથી વધુ સળંગ ખાલી સ્થાન હોય ત્યાં મારવી. એ ખાલી સ્થાનોમાં પણ શાહ, પટેલ, પરમાર વગેરે બાદ. ઓગણચાલીસની ગણતરીએ ફરી અટકું છું. ક્યાંક વધારે ન થઈ જાય! આ 'ચાલીસ અને ફક્ત ચાલીસ'નો જુલમ દૂર કરો ભાઈ! થોડા ઓછાવત્તા ચોર પણ ધાડ તો પાડી જ શકે. કદાચ વધુ અસરકારક રીતે ફરી બે વાર ગણું છું. ઓગણચાલીસ જ છે. ધડકતા દિલે છેલ્લી ચોકડી.

આ catharsis શું બલા છે તે અચાનક સમજાય છે. આંખમાં આંસુ આવવાનાં જ બાકી છે. ત્યાં જ પરમજ્ઞાન, બોધજ્ઞાન કે સાક્ષાત્કાર જે ગણો તેની ઘડી આવી પડે છે. આ યુરેકાક્ષણ મોડી પડી છે. અથવા ત્રણ વર્ષ વહેલી. આટલું મગજનું દહીં કરવા કરતાં ભગવાનભરોસે ન છોડી શકાય? ઉપરવાળો સુયોગ્ય ચાલીસ પસંદ કરી લે તો શું ખોટું? ઘરના મંદિર આગળ ચિઠ્ઠી નાંખી નિર્ણય લેનાર ઓળખીતાઓ યાદ આવે છે. યાદચ્છિક્તા (Randomness) ઈશ્વરીય છે.

યાદચ્છિક્તા આપણે ધારીએ એમ મૂર્ખતાનું લક્ષણ નથી, અંદરનો AI ભણાવતો માસ્તર યાદ કરાવે છે. ઘણીવાર યાદચ્છિક્તા ઉમેરીને એજન્ટને વધુ રૅશનલ બનાવી શકાય છે. ડોબાને હોશિયાર બનાવી શકાય છે. સાચું નથી લાગતુંને? માસ્તર વધારે ડિટેઇલમાં જવા આગ્રહ કરે છે. હું એને ચૂપ કરી દઉં છું. પણ એ જતાં-જતાં એટલું તો કહી જ દે છે કે તમે સોશિયલ મીડિયાની જે પણ એપ્સ વાપરો છો, એ બધી યાદચ્છિક્તાનો વ્યૂહાત્મક ઉપયોગ તમારું વ્યસન — અને પોતાનો નફો — વધારવા માટે કરે છે.

તો એકથી એક્યાસી નંબરની ચિઠ્ઠીઓ બનાવી દેવાની એટલું જ ને? ત્યાં જ અંદરનો એન્જિનિયર ટપારે છે. અલ્યા, એટલી બધી ચિઠ્ઠીઓની ક્યાં જરૂર છે? સંભાવના (Probability)ના સ્કૂલના પાઠ પણ ભૂલી ગયો? ખાલી દસ જ જોઈએ — ૦થી ૯. પત્તાંની કેટ સારી કામ આપે. એક્કાથી દસ્સો. દસ્સો એ શૂન્ય. રતન ખત્રીની જરૂર છે. હમણાં-હમણાં જ ગયા. ઉપર ઈશ્વરને મદદ કરતા હશે. એમણે યાદચ્છિક્તા (randomness) ની દિવ્યતાને બરોબર ઓળખી હતી. જે પારદર્શિતાથી એમણે વર્ષો સુધી પત્તાંની કેટ પરથી આંકડા કાઢ્યા એનાથી ચોથા ભાગની આપણી પ્રજામાં હોય, તો ઉદ્ધાર થઈ જાય.

આ બાયોપિકના જમાનામાં રતન ખત્રીને કોઈ યાદ કરો મટકાકિંગ, તેમની આસપાસની કિંવદંતીઓ અને તેની સાથે વણાયેલી ગરીબવર્ગની આર્થિક સામાજિક પરિસ્થિતિઓ અને પેદા થતી માઇથોલૉજી. એવી સ્ક્રિપ્ટ કોઈ લખતું હોય, અને મને ટિપ્પણી માટે મોકલે, તો વિનામૂલ્ય જોઈ આપવાનું વચન આપું છું.

ઝીણી નજરવાળા સુજ્ઞવાચક એમ કહી શકે કે આગળ તો આડેધડ ફટકાબાજી કરવામાં સંસ્કાર, અહમ્ વગેરે નડતાં હતાં અને હવે ચિઠ્ઠી ઉપાડવાનું કહો છો? આજકાલ ઠેકાણું નહીં - લૉકડાઉનની નવરાશ પછી ઘણાંની બુદ્ધિ કુશાગ્ર બની ચૂકી છે. નવરાશથી બુદ્ધિની અણી નીકળે કે બુઠ્ઠી થાય એ વિવાદાસ્પદ મુદ્દો કોઈને લાગી શકે. આને મારો અંગત અભિપ્રાય ગણવો.

એ સ્પષ્ટતા જરૂર કરી દઉં કે શુદ્ધ યાદચ્છિકતા અને આડેધડ ફટકાબાજી એ બે અલગ છે. આડેધડ ફટકાબાજીમાં તમે મતપત્રકની સામે તો જુઓ જ છો. એટલે એમાં ઓળખીતા અજાણ્યા, ગમતા, અણગમતા વગેરે પ્રગટ અને પ્રચ્છન્નભાવો સાથે મનોવિજ્ઞાન ભળે જ છે. ભૂવો ધૂણે પણ નાળિયેર તો ઘર ભણી જ ફેંકે. એ શુદ્ધ યાદચ્છિકતાથી ઘણું દૂર છે.

પણ આખરે હું રતન ખત્રીની નિર્મળ યાદચ્છિક્તાથી સુસજ્જ છું. જેટલા મતપત્રક મોકલવા હોય તેટલા મોકલો! દસ પત્તાં લઈને બેસવાનું એટલું જ ને! હવે પરિસ્થિતિ ઊલટી છે. ત્રણ વર્ષ લાંબો સમય લાગે છે. દર વર્ષે ચૂંટણી રાખો. બને તો દર છ મહિને. યાદચ્છિકતાની જય! લોકશાહીની જય! ઈશ્વરીય લોકશાહીની જય!

---

૫, આનંદવિલા બંસલ મૉલની સામે, ગોત્રી વડોદરા — ૩૯૦૦૨૧
૯૮૭૯૦૨૧૫૯૬ Jagrut.gadit@gmail.com

# સમ્યક સાહિત્યની વિભાવના / ડૉ. રતિલાલ રોહિત

*‘હયાતી’ (તંત્રી, હરીશ મંગલમ્)ના સમ્યક સાહિત્ય વિવેચન વિશેષાંક (સપ્ટે. ડિસે. ૨૦૨૦)માંથી ડૉ. રતિલાલ રોહિતનો આ લેખ અહીં સાભાર ઉદ્ધૃત કર્યો છે. સ્થાપિત, શિષ્ટ અને સરજાતા સાહિત્યને પરંપરાથી ઉફરાટે તપાસવાના એક ઉપક્રમ તરીકે (જેમ વિવેચન તેમ આંદોલન તરીકે) પણ આ વિચારરૂખ સમજવા જોગ છે. અહીં જે ઓજાર-મૂલ્યો નિર્દેશાયાં છે એ ધોરણે સ્થાપિતની જેમ જ દલિત સાહિત્ય સર્જન વિશે પણ નિરીક્ષા ને નુક્તેચીની ઈષ્ટ છે. વયસ્કતાનું ઉખાણું, આખરે તો, હર ધારાએ છોડાવવું રહે છે. બને કે બે અલગ છેડેથી કોઈ નીતર્યા સમ પર ઠરવાનું બની આવે. બને કે સમ પર ઠરવા જેવું લાગે ન લાગે અને નવેસર તપાસદોર વળી દુર્નિવાર બની રહે. સર્જન અને સમીક્ષાની જે રમણા, એને વળી પૂર્ણવિરામ શાં.* **તંત્રી**

“આપણી પાસે વ્યાપારી કે ધનિક વર્ગમાં રસિકતાની દ્રષ્ટિ હોતી નથી. આ તેમનો દોષ હોતો નથી, ચાતુર્વણ્યનો છે. ચાતુર્વણ્યમાં જે વર્ણભેદ પડેલો છે તેમાં કોણે શું કરવું તેનો ખુલાસો કરેલો છે. બ્રાહ્મણોએ સંસ્કૃતિ અને કળાનું સંવર્ધન કરવું, વૈશ્ય લોકોએ વ્યાપાર કરવો એવા ધાર્મિક સમજણના નિયમોને હોવાને કારણે પ્રત્યેક જણ નક્કી કરેલી દિશા તરફ જુએ છે... આપણી પાસે કળા વિશે અનાસ્થા જોવા મળે છે તેનું કારણ ચાતુર્વણ્યને કારણે હિંદુ ધર્મના લોકોની રસિકતાનું પણ અપહરણ થયું છે.”[૧]

સાહિત્યસર્જન માનવજીવનની સર્વસમસ્યાઓને તથાગત રીતે ઉજાગર કરીને એક સમ્યક સમાજરચના નિર્માણ કરવામાં પાયાની ભૂમિકા રચી આપનારું હોવું જોઈએ. સર્જનનું કાર્ય જ નવી સમાજરચના દ્વારા માનવતાવાદને વધુને વધુ સુદ્રઢ અને સમ્યક ભાવ-વિચારથી સમૃદ્ધ કરવાનું છે. સાહિત્યને સમ્યક દ્રષ્ટિકોણથી મૂલવવાના કે સર્જવાના પ્રયાસો આજ સુધી આપણે ત્યાં નથી થયા કે અંશતઃ જોવા મળે છે ત્યારે ફરી એક વાર સમ્યક ભાવ-વિચાર દ્વારા સાહિત્યને વધુને વધુ ખેડી શકાય તેવા પ્રયાસો કરવા જોઈએ. ગઈ કાલનું દલિત સાહિત્ય આજનું સમ્યક દિશા તરફ આગળ વધી રહ્યું છે ત્યારે તેમાં કેવા પ્રકારના બદલાવની અપેક્ષા રાખવામાં આવે છે તેનો વિચાર કરવો અતિઆવશ્યક બને છે.

વીસમી સદીના ઉત્તરાર્ધમાં જે નવા પ્રવાહરૂપે સાહિત્યનો ઉદ્ભવ થયો તે દલિત સાહિત્યની ભૂમિકા ડૉ. બાબાસાહેબ આંબેડકરની વિચારધારાના પ્રભાવને કારણે ક્રમશઃ વિકસિત અને વધુ દ્રઢ બની છે. દલિત સાહિત્યના વ્યાપક પ્રભાવ અને વિસ્તારને કારણે હિંદુધર્મ પ્રણિત અમાનવીય અને ક્રૂર સામાજિક વિષમતા, ઊંચનીચના ભેદભાવ, અંધશ્રદ્ધા, કર્મકાંડ, સ્વર્ગ-નરકની મિથ્યા કલ્પનાઓની અંધકારમય અને દિશાહીન જીવનપદ્ધતિ દ્વારા શોષિત, પીડિત, અને માનવીય અધિકારોથી પૂર્ણપણે વંચિત દાયકામાં માનવ અધિકારોનું આંદોલન શરૂ થયું. મહારાષ્ટ્રમાં મહાડના ચવદાર તળાવ સત્યાગ્રહ, નાસિક કાલારામ મંદિર સત્યાગ્રહ માનવમુક્તિના પ્રવેશદ્વાર સમાન સાબિત થયાં. મહાત્મા જોતિબા ફૂલેની સામાજિક ક્રાંતિનો પ્રભાવ વીસમી સદીમાં વધુને વધુ પ્રગાઢ બનતો ગયો. સામાજિક, ધાર્મિક, આર્થિક વિષમતાની સામે જનઆંદોલનની સાથે સાથે સાહિત્યિક ચળવળનો પણ આરંભ થયો. મહાત્મા જોતિરાવ ફુલેના વૈચારિક પ્રભાવને કારણે ઓગણીસમી સદીના ઉત્તરાર્ધથી જ માનવસર્જિત વર્ણ અને જાતિવ્યવસ્થા દ્વારા થતાં અમાનવીય શોષણ વિરુદ્ધ સાહિત્યિક ચળવળનો આરંભ થઈ ચૂક્યો હતો. ઈ.સ. ૧૮૮૫માં પૂના મુકામે કૃષ્ણશાસ્ત્રી રાજવાડેના અધ્યક્ષસ્થાને ભરાયેલ ગ્રંથસંમેલનના ન્યાયમૂર્તિ રાનડેએ આપેલા નિમંત્રણનો સટીક પ્રત્યુત્તર જોતિબા ફુલેએ આ રીતે આપ્યો હતો જે આજે પણ એટલો જ ઉચિત લાગે છે : જે લોકો દ્વારા સમગ્ર માનવજાતિના માનવ અધિકારો વિશે સાચા અર્થમાં વિચાર કરીને દરેક વ્યક્તિને તેના પોતાના અધિકાર ખુશીથી તેમજ ખુલ્લા મનથી આપી નથી શકાતા તથા તેમના હાલના વર્તનથી લાગે છે કે, ભવિષ્યમાં પણ તેઓ આપી શકશે નહીં, એવા લોકોએ બોલાવેલી સભાઓ અને એમનાં દ્વારા લખેલાં પુસ્તકોના ભાવાર્થ સાથે અમારાં પુસ્તકો અને સભાઓનો કોઈ મેળ બેસતો નથી. કેમકે એમના પૂર્વજોએ અમારો બદલો લેવાના ઈરાદાથી અમને દાસ બનાવ્યા અને આ વાત પોતાના જૂઠા ગ્રંથોમાં જાણીબૂઝીને દબાવી દીધી. એના સાક્ષી એમના જૂના ગ્રંથો જ છે. અમારા જેવા શુદ્ર-અતિશુદ્રોને કેવી કેવી આપત્તિઓ તથા તકલીફો સહન કરવી પડે છે એ વાત ઊંટ પર સવાર થઈને ઘેટાં ચરાવનાર ગ્રંથકારો (લેખકો) અને મોટી મોટી સભાઓમાં ભાષણ આપનારાઓને કેવી રીતે સમજાશે? ખરેખર તો આ સાર્વજનિક સભાના આયોજકો આ બધી વાતોથી સારી રીતે પરિચિત છે... સંક્ષેપમાં, એમનો સાથ આપવાથી અમારા શુદ્રાતિશુદ્ર સમાજને કોઈ લાભ થવાનો નથી, એ વિશે અમારે પોતે જ વિચારવું પડશે. જો આ મોટાભાઈ (!) સાચે જ બધાની એકતા ઈચ્છતા હોય તો જરૂરી છે કે તેઓ તમામ માનવજાતિ વચ્ચે અતૂટ ભાઈચારો સ્થાપિત કરવાનો નક્કર ઉપાય શોધે તથા પુસ્તક દ્વારા એ વિચારને પ્રકાશિત કરે. આવા સમયે આંખો બંધ કરવી યોગ્ય નથી.[૨] મહાત્મા જ્યોતિરાવ ફૂલેના આ વિચારોથી સ્પષ્ટ થઈ જાય છે કે, કપોળકલ્પિત સાહિત્ય સામાજિક ક્રાંતિનો પર્યાય બની શકતું નથી. સામાજિક વાસ્તવ જ્યાં સુધી સાહિત્યમાં નિરૂપિત ન થાય અને સામાજિક પ્રતિબદ્ધતા જ્યાં સુધી સાહિત્યમાં પ્રગટે નહીં ત્યાં સુધી સાહિત્ય માત્ર મુઠ્ઠીભર સામંતીઓ અને જાગીરદારો બ્રાહ્મણોના મનોરંજનનું સાધન બનીને રહી જશે. સાહિત્ય એ સામાજિક પરિવર્તનનું અત્યંત પ્રભાવક પરિબળ છે, તેના દ્વારા સામાજિક ક્રાંતિ સંભવ છે એમ દ્રઢપણે માનતા જોતિરાવ ફૂલે માનવીય શોષણ કરતી અમાનવીય પરંપરાને મૂળથી નષ્ટ કરવા તત્પર બને છે. સાહિત્ય વિશેની એમની સમજણ એક વિચક્ષણ મર્મી અને પ્રખર સંશોધકની રહી છે. સત્યશોધક સમાજની રચના જ એક ઉત્તમ સંશોધકની ગરજ સારે છે. એક નિષ્ઠાવાન સમાજહિતચિંતક અને ગહન અભ્યાસુ તરીકેની તેમની છબિ સામાજિક પ્રતિબદ્ધતાની દ્યોતક છે. સમ્યક વિચારનો મહિમા આ રીતે તેમના જીવનનો મંત્ર બની ગયો હતો. સાહિત્યનું સમ્યક મૂલ્યાંકન સર્જકની માનસિકતાને ઘડે છે. સર્જકની સમ્યક ભાવના વધુ પાકટ બનતી અનુભવાય છે. સામાજિક વિષમતા સામે ઝીંક ઝિલતાં પાત્રોની ખુમારી અને માનવીય પરિબળોને સર્જક માનવીય સંવેદનાની નજરે જુએ તો જ સકારાત્મક સર્જકતા પ્રગટે છે. એ અર્થમાં સમ્યક સાહિત્યની ચર્ચા અસ્થાને નહીં ગણાય. દલિત સાહિત્યમાં દલિત સમાજની વાસ્તવિક્તાનું ચિત્રણ, વિષમ સામાજિક વ્યવસ્થા, પરંપરાગત વિધિનિષેધો, તમામ કાલ્પનિક શાસ્ત્રો-મહાકાવ્યો દ્વારા સ્થાપિત લાદવામાંઆવેલી મનુવાદી વર્ણ-જાતિવ્યવસ્થા સામેનો પ્રતિકાર, વિદ્રોહની અભિવ્યક્તિ જોવા મળી હતી જ્યારે સમ્યક સાહિત્ય દ્વારા નવી સમાજરચનાનો પુરસ્કર, સામાજિક સમાનતા, સ્વતંત્રતા, બંધુત્વભાવાદિની સાથે પ્રજ્ઞા, શીલ અને કરુણા દ્વારા સાહિત્યમાં નૈતિક મૂલ્યોની માવજત કરી સમતામૂલક સમાજરચનાનો આવિષ્કાર કરવાનો દ્રઢ નિર્ધાર સમ્યક વિચારમાં નિહિત છે.

ગુજરાતી સાહિત્યના સંશોધક-વિવેચક જયંત કોઠારીએ પણ ગુજરાતી વિવેચન વિશે શંકા વ્યક્ત કરી છે. ગુજરાતીમાં સાહિત્યતત્ત્વની મીમાંસા વૈજ્ઞાનિક રીતે થતી નથી.[૩] ગુજરાતીવિવેચન વિશેનો વિવેચકોનો દ્રષ્ટિકોણ પ્રસ્થાપિત વિચારસરણીને કેન્દ્રમાં રાખીને જ હંમેશા થતો રહ્યો છે. સર્જનની અને વિવેચનની માળખાગત ઓળખ આપવાની અસમતોલ પરંપરા સર્જનને વધુને વધુ રૂઢિવાદી બનાવે છે. સાહિત્યસર્જનની સંકુચિત દ્રષ્ટિને પોષતું વિવેચન પણ તાર્કિક સ્તરની

દિશાને વધુ ધૂંધળી બનાવે તે સ્વાભાવિક છે. સર્જનમાં જેમ કોઈ જાતિવર્ગભેદને સમર્થન કરનારી વિચારસરણી કામ કરતી હોય અને તે જ વિચારસરણી જો વિવેચનમાં પણ પ્રવૃત્ત હોય તો વિવેચનની સાર્થકતાનો છેદ ઉડી જાય છે. સર્જનમાં વ્યક્ત થતો વિચાર માનવીય મૂલ્યોની ખેવના કરે છે કે નહીં એનું આકલન કરવાનું કાર્ય વિવેચનનાં કાર્યક્ષેત્રની બહારનું હોઈ શકે. વિવેચનની તર્કવિહીન વિચારણાને કારણે સર્જનની સાચી દિશા હજુ સુધી નક્કી થઈ શકી નથી. સર્જનમાં સમ્યક દ્રષ્ટિનો અભાવ જોવા મળે છે. સાહિત્યકૃતિને ઉત્તમ કહેવા પાછળના વિવેચનના કયા માપદંડો ખપમાં લેવાય છે? શું કોઈ પણ રચના માનવીય ભાવોથી મુક્ત હોઈ શકે ? કૃતિને ઉત્તમ કે શ્રેષ્ઠ કહેવા પાછળ વિવેચકનો કોઈ વ્યક્તિગત વિચારસંદર્ભ તો કામ નથી કરતોને ! જાતિગત શ્રેષ્ઠતાના પ્રભાવમાંથી ગુજરાતી સર્જન અને વિવેચન હજી સુધી મુક્ત નથી થઈ શક્યું એ હકીકત છે ત્યારે વંચિતોના સાહિત્યની પીઠિકાને કોઈ જાતિ-વર્ગ-વર્ણના વર્તુળમાં વિભાજિત ન કરતાં માનવીય મૂલ્યોનાં કેન્દ્રમાં મૂકીને તપાસવું હિતાવહ છે. અમાનવીય પરંપરાની અપાર યાતનાઓને પાર કરીને પોતાના અસ્તિત્વની આગવી ઓળખ માટે માનવીય મૂલ્યોની પ્રસ્થાપના કળાત્મક અભિનિવેશ સાથે પ્રગટાવતી સામાજિક ન્યાય અને ઉચ્ચ નૈતિક વિચારદ્રષ્ટિ સમ્યક સાહિત્યની આધારશિલા છે.

મરાઠી ભાષાના જાણીતા સાહિત્યકાર મર્ઢેકર સાહિત્યની ઉત્તમ રચનાના માપદંડ શા હોઈ શકે એની ચર્ચા કરતા કહે છેઃ ભારતીય સંવિધાનની પ્રસ્તાવનામાં જે માનવીય મૂલ્યો અને તત્ત્વજ્ઞાન દર્શાવ્યું છે તે અત્યંત મહત્વપૂર્ણ છે. સાર્વભૌમ, સમાજવાદી, ધર્મનિરપેક્ષ, લોકશાહી, ગણરાજ્ય, સામાજિક-આર્થિક ન્યાય, વિચાર, અભિવ્યક્તિ, વિશ્વાસ, શ્રદ્ધા અને ઉપાસનાનું સ્વાતંત્ર્ય, દરજ્જા અને તકની સમાનતા, વ્યક્તિની પ્રતિષ્ઠા, રાષ્ટ્રીય એક્તા, એકાત્મકતા અને બંધુતા આ તમામ મૂલ્યો એની ગહન વિચારણા સાથે, તેનું પરિશીલન કરીને, એકરસ થઈને લેખન થયું હોય તેવી કૃતિને ઉત્તમ કળાકૃતિ કહી શકાય એમાં શંકા નથી.[૪] સાહિત્યકૃતિની સફળતાનો માપદંડ શો હોઈ શકે તેનો સર્વગ્રાહી પ્રયત્ન અહીં થયો છે. કોઈપણ વિચારક આ પ્રયાસને નકારી શકે તેમ નથી, સાહિત્યના મૂળ ઉદ્દેશને અહીં ચિહ્નિત કરવામાં આવ્યો છે. એક ઉત્તમ રચનાને મૂલવવા માટે જે લક્ષણોની ચર્ચા કરવામાં આવે છે તે પ્રચલિત કે સ્થાપિત લક્ષણોથી સાવ ભિન્ન છે. કદાચ એટલે જ સાહિત્યનો ઉદ્દેશ હજી સુધી કારગત નિવડ્યો નથી એ એટલું જ સત્ય છે. સમાનતા, સ્વતંત્રતા અને બંધુત્વની ભાવના સામાજિક ધરાતલ પર તૈયાર થયેલી છે. સામાજિક નૈતિક્તાનો આવિર્ભાવ દર્શાવતાં આ માનવીય મૂલ્યો સાહિત્યમાં પાયાની ભૂમિકા પૂરી પાડે છે.

તો, શરણકુમાર લિંબાળે પણ ઉત્તમ કળાકૃતિની વ્યાખ્યા કરતી વખતે પણ આંબેડકરી વિચારને કેન્દ્રમાં રાખે છે. તેઓ કહે છે કળાકારની કળાકૃતિમાંનો વિચાર ભાવકના મનને કેટલું અને કેવી રીતે પ્રભાવિત કરે છે તેના પર કૃતિનું સ્તર નિર્ભર રહે છે. જો દલિત સાહિત્યકૃતિ સુંદર અને પરિણામતઃ સ્તરવાળી સાબિત થશે તો દલિત લેખકોએ તેના પરથી નક્કી કરવું પડશે કે, એની સાહિત્યકૃતિમાં આંબેડકરી વિચારને કેવી રીતે વ્યક્ત કરી શકાય. જે કળાકૃતિ વધુને વધુ 'દલિત ચેતના' પ્રકટાવશે તે કળાકૃતિ સર્વશ્રેષ્ઠ ગણાશે.[૫] એટલે શરણકુમારના આ વિધાનથી એક બાબત સ્પષ્ટ થાય છે કે, દલિત કળાકૃતિનાં વૈચારિક તત્ત્વો આંબેડકરી દર્શનમાં રહેલાં છે. આંબેડકરી વિચારદર્શન શોષિત, વંચિત, પીડિત માનવી સમુદાયનું સાચુકલું પ્રતિનિધત્વ કરે છે. માનવીય મૂલ્યોને ઉજાગર કરવા માટે આજે અને આવતી કાલે પણ આંબેડકરી વિચારધારા જ સાહિત્ય અને વ્યવહારમાં એકમાત્ર માર્ગ છે. સાહિત્યકૃતિની વૈચારિક પીઠિકામાં માનવીય અધિકારોનું જતન અને સંવર્ધન જરૂરી છે. અમાનવીય વિચારધારાને કદી કોઈ કાળે સાહિત્યકૃતિમાં નિરૂપિત કરી શકાય નહીં. માત્ર વ્યક્તિવાદી, અધ્યાત્મવાદી, ગૂઢવાદી, રહસ્યમય, કાલ્પનિક અને ભ્રામક કથાઓ સામાજિક અને નૈતિક ચેતનાનો નાશ કરે છે. માનવીય મૂલ્યોનું હનન કરે છે. અમાનવીયતા અને સામાજિક ભેદભાવને પ્રોત્સાહન અને દ્રઢ બનાવતી વિચારધારા માનવતાને હણે છે. સાહિત્ય તો ભેદભાવની સીમાઓને લાંઘીને માનવજીવનનાં કલ્યાણ અને ઉદાર ચરિત્રને પ્રગટાવતું હોવું જોઈએ. સામાજિક ન્યાય અને કરુણાના વ્યાપક અને ગહન સ્તરને આંબતું હોવું જોઈએ. આંબેડકરી વિચારને વ્યક્ત કરતી કળાકૃતિ માનવીય સંવેદનાઓની સાથે સાથે માનવીય મૂલ્યોની પ્રમાણભૂતતાને સ્પષ્ટ રીતે ચીંધી આપતી હોવી જોઈએ. વર્ણ-લિંગ-જાતિ-ભેદ વિનાના સમાજની વિભાવના તૈયાર કરવાનું એકમાત્ર ધ્યેય આંબેડકરી વિચારનો શંખનાદ છે. આ આંબેડકરી વિચાર એટલે જ સમ્યક દ્રષ્ટિ.

આંબેડકરવાદી સાહિત્ય વિશેની સ્પષ્ટ ભૂમિકા આપનાર મરાઠી ભાષાના કવિ વિવેચક યશવંત મનોહર સમાજ અને સાહિત્યના સંબંધને સ્પષ્ટ કરતાં કહે છે તેમ સમાજ એટલે માણસોના સંબંધોની રચના. અને સાહિત્ય એટલે માત્ર આ સંબંધોનું તટસ્થ વર્ણન જ નહીં પરંતુ આ સંબંધો પર કરેલું ભાષ્ય, તેનાથી જ એક નવું સાહિત્યરૂપ પ્રાપ્ત થાય છે. માણસોના સંબંધોની પુનઃરચના એવું આ ભાષ્યનું રૂપ હોય છે. આ ભાષ્યના અદ્રશ્ય ભાવો માનવીય સંબંધોના અધિક નિરામય રૂપ તરફ ગતિ કરતા હોય છે. આ નિરામયતાને જ સૌંદર્ય કહેવામાં આવે છે. એટલે કે માનવીય સંબંધો પર ભાષ્ય કરનારાં મૂલ્યો સૌંદર્યની નિર્મિતિ કરે છે એમ કહેવું જોઈએ. સાહિત્યકારની મૂલ્યદષ્ટિને જ આપણે જીવનદ્રષ્ટિ અને સૌંદર્યદ્રષ્ટિ કહીએ છીએ. સાહિત્યકારની ભાવના, વિચાર, તેનાં જીવનનું આકલન અને મૂલ્યાંકન આ તમામ પરિબળો મૂલ્યો સાથે જોડાયેલાં હોય છે. સાહિત્યકારનો શબ્દ આ મૂલ્યોનું જ પ્રતિનિધિત્વ કરે છે.[૬]

સાહિત્ય જીવનની અનેક સમસ્યાઓની સાથે સાથે તેનાં મૂલ્યોની ઝીણવટપૂર્વક તપાસ આદરે છે. જીવનનો પ્રવાહ સતત વહેતા રાખવાની સાહિત્યની પ્રક્રિયામાં માનવીય સ્વભાવ અને એ સ્વભાવની પડછે રહેલા માનસિક બદલાવોની પણ ચિકિત્સા કરે છે. એ અર્થમાં સાહિત્ય માનવજીવનની સભ્યતાને, એના મૂળભૂત સ્વરૂપની ઓળખને પ્રગટ કરે છે. સાહિત્યકાર ધર્મના ઓછાયામાં જીવતો હોય ત્યારે તેના સર્જનમાં ધર્મનો તંતુ જોડાયેલો હોય છે. કોઈ એક ધર્મની વિચારણાને વિકસિત કરવાને બદલે ધાર્મિક સંસ્કારોનું પ્રાબલ્ય વધતું જોવા મળે ત્યારે તાર્કિક રીતે તેના વૈચારિક સંદર્ભો મેળવીને અવ્યવહારિક બન્યા વિના માનવીય વિશેષોને પ્રગટ કરવાની આકલનશક્તિ વિવેચક માટે અપરિહાર્ય બને છે. વિવેચન તો માનવજીવનની બદલાતી સ્થિતિઓનું સૂક્ષ્મ મૂલ્યાંકન કરે છે. પ્રતિક્ષણ બદલાતા માનવીય સ્વભાવને તંતોતંત પ્રત્યક્ષ કરી આપવાનું અને મૂળભૂત કારણોની તપાસ આદરવાનું સમર્થ કાર્ય વિવેચનની આદર્શ શરત હોય છે. જો વિવેચન એકપક્ષીય બને તો તે સર્જન માટે પણ અમર્યાદ અને તેથી અતિરેકી બનવાની શક્યતાઓ નકારી શકાય નહીં. આંબેડકરવાદી સાહિત્યનું પોતાનું આગવું વિવેચનશાસ્ત્ર છે. અને તેથી પોતાનું આગવું સૌંદર્યશાસ્ત્ર છે. દલિત સાહિત્યના સૌંદર્યશાસ્ત્રમાં શરણકુમાર લિંબાળે દલિત સાહિત્ય અધ્યાત્મવાદ અને ગૂઢવાદને નકારે છે એ કારણે માનવું પડશે કે, આ સાહિત્યનું સૌંદર્યશાસ્ત્ર અધ્યાત્મવાદી નહીં પરંતુ ભૌતિકવાદી છે[૭] એમ કહે છે ત્યારે એટલું તો સ્પષ્ટ છે કે, અહીં વાસ્તવજીવનનો મહિમા અને એને અનુષંગે માનવજીવનમાં વ્યાપ્ત કપોળકલ્પિત, વાયવી સૃષ્ટિનો સદંતર છેદ ઊડે છે. કાળનો આધાર કલ્પના નથી પણ વાસ્તવ છે. વાસ્તવને સમૃદ્ધ કરવાના સર્જકના પ્રયાસો, માનવીય મૂલ્યો જેવાં કે કરુણા, પ્રજ્ઞા, શીલ વગેરે ઉદાત્તતત્ત્વોનું નિરૂપણ સમ્યક સાહિત્યમાં નિહિત છે. 'અવિદ્યાનો નાશ' એ સમ્યક દ્રષ્ટિનો અંતિમ ઉદ્દેશ છે. અહીં મિથ્યા-દ્રષ્ટિનો તીવ્ર વિરોધ છે. અવિદ્યાનો અર્થ છે કે, મનુષ્ય દુઃખને જાણી ન શકે, મનુષ્ય દુઃખના નિર્મૂલનના ઉપાયો ન જાણી શકે, મનુષ્ય આ આર્યસત્યને ન જાણી શકે. સમ્યક દ્રષ્ટિનો અર્થ છે કે, મનુષ્ય કર્મકાંડના ક્રિયાકલાપોને વ્યર્થ સમજે. મનુષ્ય શાસ્ત્રોના મિથ્યા વિશ્વાસમાંથી

Reg.under RNI NO. GUJGUJ/2009/29656, Registered under Postal Registration No. GAMC-777/2021-2023 valid upto 31st December-2023 issued by the SSPO's Amdavad City Division, Permitted to Post at Amdavad PSO on 1st & 16th of every MonthPublish on 1st & 16th of every Month..

મુક્ત બને. મનુષ્ય મિથ્યા વિશ્વાસથી મુક્ત બને. મનુષ્ય એમ ન માની લે કે કોઈ પણ બાબત પ્રકૃતિના નિયમો વિરુદ્ધ બની શકે છે. સમ્યક દ્રષ્ટિનો મતલબ છે કે, મનુષ્ય એવી તમામ મિથ્યા ધારણાઓથી મુક્ત થાય જે માત્ર માનવીના મનની કલ્પનાઓ જ છે, અને તેનો અનુભવ અને વાસ્તવજીવન સાથ કોઈ સંબંધ નથી. સમ્યક્ દ્રષ્ટિનો અર્થ છે કે મનુષ્યનું મન સ્વતંત્ર બને. મનુષ્યના વિચારો સ્વતંત્ર બને.[૮] વિવેચન-સંશોધન માટે તર્કપૂર્ણ વિચાર અને વૈજ્ઞાનિક દ્રષ્ટિકોણનો જ આગ્રહ રાખવામાં આવે છે. તર્ક એ વિવેચનની કે સંશોધનની પ્રાથમિક અવસ્થા છે જેના વિના વિવેચન કે સંશોધનના જટિલ વિસ્તારમાં પ્રવેશવું લગભગ અસંભવ બને છે. 'જેવું સર્જન તેવું વિવેચન' એમ કહીએ છીએ ત્યારે વિવેચનમાં સમ્યક દ્રષ્ટિનો અભાવ વર્તાઈ આવે છે. માત્ર જન્મ, વંશ, જાતિ કે વર્ણના કારણે પાત્રોને મહાન ચિતરવાના કાલ્પનિક પ્રયાસો અવિરત થતા રહ્યા છે. વર્ણવ્યવસ્થાના ક્રમમાં પાત્રોને જડબેસલાખ મૂકીને તેમની પાસેથી કોઈ ઉત્તમ વિચારની અપેક્ષા રાખવી તે નરી મૂઢતા છે. આવું સર્જકકર્મ અવિદ્યાનું દ્યોતક બની રહે છે. દા.ત. સરસ્વતીચંદ્રનાં પાત્રોની ચર્ચા થઈ શકે. સર્જક પાત્રોમાં પ્રવેશે છે ત્યારે તે પોતાના અંગત ગણા-અણગમાને પણ તેમાં મૂકી આપે છે. ભેદભાવપૂર્ણ વાસ્તવને ઉજાગર કરવામાં કોઈ પક્ષપાતને સ્થાન ન હોવું જોઈએ. સમ્યક વિચાર સાહિત્યસર્જન માટે પ્રેરકબળ સમાન છે. સમાજમાં સામાજિક વિષમતાના અવૈજ્ઞાનિક વિચારને નષ્ટ કરવા માટે સમ્યક દષ્ટિ અત્યંત જરૂરી છે. નૈતિક મૂલ્યો હોવા છતાં સામાન્ય ગણાતાં પાત્રની અવહેલના અને અનૈતિક આચરણ હોવા છતાં ઉચ્ચ જાતિ હોવાને કારણે થતી અદબ સલામી સર્જકત્વ માટે કલંકરૂપ ઘટના બની રહે છે.

સમ્યક દ્રષ્ટિ નીરક્ષીર વિવેકપૂર્ણ રીતે વિચાર અને આચરણ કરતાં શીખવે છે. તાર્કિક વિચારથી કોઈ પણ ઘટનાને મૂલવવાનો પ્રથમ અને અંતિમ ઉપાય સૂચવે છે. કાર્ય અને કારણના સંબંધથી જ કોઈપણ ક્રિયાનું આકલન-મૂલ્યાંકન-વિવેચન કરવાનો એક માત્ર ઉદ્દેશ સમ્યક વિવેચનનો છે. ઘટનાના મૂળમાં જઈને તેનાં કારણોની મીમાંસા કરવાની અને તે દ્વારા તથ્યને પ્રગટ કરવાની પ્રક્રિયા એટલે જ સમ્યક દ્રષ્ટિ. સમ્યક દ્રષ્ટિ દ્વારા જ સમ્યક વિચાર પ્રગટી શકે અને સમ્યક વિચાર દ્વારા જ સમ્યક કાર્ય સંભવ બની શકે. આમ સમાનતામૂલક સમાજરચના માટે સમ્યક દ્રષ્ટિમાંથી નિપજતી કરુણા અને સમાન વ્યવહાર દ્વારા ઘટતી સમ્યક કાર્યશૈલી માનવજીવનને ઉર્જિત કરે છે. નૈતિક મૂલ્યોનું પ્રાગટ્ય અને ક્રમશઃ તેના સંવર્ધન માટે સમ્યક દર્શન જ એકમાત્ર પર્યાય બની રહે છે ત્યારે સાહિત્ય દ્વારા સમાજને સમાજ દ્વારા સાહિત્યને સમૃદ્ધ કરવાના પ્રયત્નોની સાર્થકતા તો ભેદભાવવિહીન, અવિદ્યાનો નાશ કરતી, વિવેકપૂર્ણ દ્રષ્ટિ દ્વારા જ સંભવી શકે છે.

પૂંજીવાદ-સામંતવાદનો એકાધિકાર ધરાવતી વિચારધારાનું સમ્યક વિચારમાં કોઈ સ્થાન નથી. સમ્યક સાહિત્યની વૈચારિક વિભાવનામાં વૈમનસ્ય કે કોઈ પણ પ્રકારના ભેદભાવને સ્થાન નથી. અને જે સાહિત્યમાત્ર કોઈ એક વર્ગનું જ પ્રતિનિધિત્વ કરતું હોય તે કદી સમ્યક ન બની શકે. સમાજના વિવિધ વર્ગની સામાજિક ચેતનાને પ્રગટ કરવાની અને એને અનુષંગે એ સમાજનાં નૈતિક મૂલ્યોની માવજત કરવાનું કાર્ય સમ્યક વિચાર દ્વારા જ સંભવી શકે છે. સાહિત્ય પણ સમ્યક દ્રષ્ટિથી સમૃદ્ધ બને એવા સર્જનાત્મક પ્રયાસો થાય તો શોષણવિહીન, જાતિવિહીન સમાજરચના તરફ પ્રયાણ કરી શકાય.

શું કોઈ એક કૃતિ એટલા માટે અસ્પૃશ્ય છે કે તેમાં તથાકથિત ઉચ્ચવર્ણીય પાત્રો નથી? થોડાં ઉદાહરણોથી સમજીએ. પન્નાલાલ પટેલ કૃત 'મળેલા જીવ' વિશેનો કવિ ન્હાનાલાલનો વિચાર, રા.વિ. પાઠકકૃત 'ખેમી' વાર્તા વિશેનો ર. છો. પરીખનો વિચાર કે પછી ન્હાનાલાલ કવિ વિશેનો ઉમાશંકર જોશીનો વિચાર સમ્યક દ્રષ્ટિનો મૂળથી છેદ ઉરાડે છે. જીવી અને ખેમી અને ઝમકુંનાં પાત્રોની અવહેલના એટલા માટે થઈ છે કે જેઓ પોતાને તથાકથિત ઉચ્ચવર્ણના માને છે તેમની નજરમાં આ પાત્રો નિમ્ન જાતિ છે. તો ન્હાનાલાલ કવિ વિશેનો ઉમાશંકર જોશીનો હૃદયોદ્‌ગાર માત્ર સંકુચિત દ્રષ્ટિનો પર્યાય બની રહે છે. જે કવિમાં સમ્યક ભાવ કે વિચારનું કોઈ સ્થાન નથી તેવા કવિશ્રીની દ્રષ્ટિ વિશ્વકવિ (કોસ્મિક વિઝન) વાળી[૯] કંઈ રીતે હોઈ શકે? શું માનવજીવનના પાયાના પ્રશ્નો અને માનવહૃદયના સનાતન(?) મંથનોમાં વંચિત સમાજને કોઈ જ સ્થાન નથી? તો, આવી એકવર્ગીય અને સંકુચિત દ્રષ્ટિને વિશ્વદ્રષ્ટિ કેવી રીતે કહેવી? જે દ્રષ્ટિમાં વંચિત સમાજની ઉપેક્ષા થતી હોય! આ સંકુચિત અને જાતિવાદી દ્રષ્ટિ કદી વિશ્વષ્ટિ બની ન શકે. આ અને આવા તો એકાંગી મૂલ્યાંકનનો સાહિત્યની પારદર્શકતા અને માનવીય મૂલ્યોની વિશ્વસનીયતા સામે એક પડકાર બની રહે છે. તમામ ગુણ-દોષને મુક્તપણે ઉજાગર કરતી અને માનવતાવાદી મૂલ્યોનું સંવર્ધન-સર્જન કરતી જ રચના જ સમ્યક સાહિત્ય બની શકે અન્યથા નહીં.

**સંદર્ભ સૂચિ :**


**૧.** ભીમરાવ રામજી આંબેડકર ચરિત્ર ખંડ-૯, લે. ચાંગદેવ ખૈરમોડે, પૃ.૯૫.

**૨.** મહાત્મા ફૂલે : સાહિત્ય ઔર વિચાર : સંપા. હરિ નરકે, પૃ. ૩૦૭

**૩.** જયંત કોઠારી કાવ્યમાં શબ્દની મીમાંસા કરતી વખતે પોતાની અગાઉ કરેલી ટકોરને પુનઃ યાદ કરતા કહે છે કે : સાહિત્યત્ત્વ વિશેના સર્વમાનવ ચીલાચાલુ અર્ધસત્યોનાં ગોળગોળ અને ઘણીવાર કહેવાતી ઉચ્ચારણોથી આપણે પહુધા સંતુષ્ઠ રહીએ છીએ. અને કોઈવાર આવેશમય પક્ષિલ આત્યંતિક વાદસૂત્રો સાંભળવા મળે છે તો તેથી આપણે અંજાઈ જઈએ છીએ. જુઓ તત્ત્વલક્ષી પારદર્શકતા : સંપા. રમણ સોની, પ્ર. આ. ૨૦૧૬, પૃ. ૧૫

**૪.** મરાઠી વાડમચાયા ઈતિહાસ, ખંડ ૭, ભાગ ૧, પૃ. ૧૯

**૫.** દલિત સાહિત્યનું સૌંદર્યશાસ્ત્ર : હયાતી ત્રૈમાસિકનો વિશેષાંક-માર્ચ ૨૦૧૦ પૃ. ૮૩

**૬.** સાહિત્યની સંસ્કૃતિ અને સંસ્કૃતિનું સાહિત્ય લે. યશવંત મનોહર, અમૃત મહોત્સવ નિમિત્તે આપેલું વક્તવ્ય, પૃ. ૫

**૭.** દલિત સાહિત્યનું સૌંદર્યશાસ્ત્ર : હયાતી ત્રૈમાસિકનો વિશેષાંક-માર્ચ ૨૦૧૦, પૃ. ૮૩

**૮.** "डॉ. बी.आर. आंबेडकर का नैतिक-दर्शन" लेखक **:** डॉ. डी. आर. जाटव, प्रका **:** समता साहित्य सदन, जयपुर, पृ. 176

**૯.** ન્હાનાલાલ કવિ વિશે ઉમાશંકર જોશી કહે છે : કવિની દ્રષ્ટિ વિશ્વદ્રષ્ટિ (Cosmic Vision) હતી. ગુજરાતને ખૂણે ખૂણે એ રખડ્યા હોઈ, ગુજરાતના પ્રાકૃતિક સૌંદર્યને તો એમની કવિદ્રષ્ટિ ઝડપી લેતી જ, પણ બ્રહ્માંડને ઊંડણમાં લીધા વિના એને ચેન ન પડતું. કૌટુંબિક અને સામાજિક પ્રશ્નો પર તે અવશ્ય મનન અને સૂચન વેરતી. પણ માનવહૃદયનાં સનાતન મંથનો-માનવી જીવનના પાયાના પ્રશ્નો-પર જઈને એ ઠરતી. એ અર્થમાં ન્હાનાલાલને વિશ્વકવિ કહી શકાય. (શ્રેષ્ઠ ઉમાશંકરઃ સંપાદક : નિરંજન ભગત અને બીજા, પ્રકા : ગુર્જર ગ્રંથરત્ન કાર્યાલય, પુનર્મુદ્રણ : જુલાઈ ૨૦૧૦, પૃ. ૩૪૧)


## ગ્રાહક મિત્રોને

'નિરીક્ષક' (૨૦૨૦)ના થોડાક અંકો સિલકમાં છે. જેમને ફાઈલ માટે ખૂટતા હોય તે કૃપા કરીને વળતી ટપાલે જણાવે. આભાર.

**વ્ય.**

**Publisher, Editor and Printer :** Prakash N. Shah on Behalf of Nireekshak Foundation. 'Prakash' Bunglow, Nr. Abhinandan Flats, B/h. Navarangpura Post Office, Navarangpura, Ahmedabad-380 009. Phone : 079-26562806 E-mail : prakash.nireekshak@gmail.com
**Printed at** Shardul Printing Press, B/6, Rambha Complex, Income Tax, Ashram Road, Ahmedabad-14. E-mail : shardulpress@gmail.com